Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

५३ग.
—
—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार
पुस्तकालय

विषय संख्या
पुस्तक संख्या
आगत पञ्जिका संख्या

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कृपया १५ दिन से अधिक समय तक पुस्तक अपने पास न रखें।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુચી, ચેટર્જી
૨૦-૨-૬૪

1973
Initial

મલ્લવિદ્યા વિશારદ

રાજરત્ન પ્રો. માણિકરાવ

સ્ટાક પ્રમાણીકરણ ૧૧૮૪-૧૯૮૫

જીવન ચરિત્ર

પુસ્તક ક્રમાંક ૫૩૨ ગ
ચ ર્ચ
રુચી, ચેટર્જી

: : પ્રકાશક : :

જયદેવ બ્રદર્સ

બડોદા

[૧૯૯૫] મૂ. ૦-૪-૦ [૧૯૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલ્લવિદ્યા વિશારદ

રાજરત્ન માણિકરાવ

જીવન ચરિત્ર

પવિત્રતા ! પવિત્રતા ! તલવારની ધાર ઉપર તમારે પવિત્રતા પ્રાપ્ત કરવી જોઈએ ! પવિત્રતા રાખો, નહિતો રામશરણ થયા સમજો. જો તમે પવિત્રતા પ્રાપ્ત કરશો નહિ તો નિષ્ઠુર, ઉત્ક્રાંતિચક્ર તમને ચીરી નાખશે. આજકાલ તો પવિત્રતાજ તમારો તરવાનો ઉપાય છે. હિંદવાસીઓ ! જો તમારે આજ ટકી રહેવું હોય તો તમારે તમારૂં આચરણ અને તમારૂં મન સ્વચ્છ તથા પવિત્ર રાખવુંજ જોઈએ. એ કામ સહેલું હોય અગર અઘરૂં હોય તો પણ તે તમારે કરવુંજ જોઇએ, તમારા ધર્મ માટે, તમારા દેશ માટે, તમારા આત્મોદ્ધાર માટે, તમારે પૂર્ણ પવિત્રજ રહેવું જોઇએ. પવિત્રતા વગર શૌર્ય નથી, પવિત્રતા વગર ઐક્યતા નથી અને પવિત્રતા વગર શાન્તિ—અભ્યુદય—નથી.

" સ્વામી રામતીર્થ. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ પ્રથમ પ્રવેશ.

આજકાલનો વખત અહિંસા તત્વનું પાલન કરનાર હોવાથી આવે વખતે આ ચરિત્રલેખના મથાળે આપેલા સ્વામી રામતીર્થના ઉજ્વલ અને સુંદર સત્યસ્થાપન કરનાર તેજસ્વી ઉદ્ગાર પ્રત્યેક જાતવાળાને, જનહિત ઇચ્છનારને અવશ્ય અભ્યાસ કરવા જેવા છે. પવિત્રતા શી ચીજ છે અને દેશસુધારણા કાર્ય માટે તેનો કેવો કેટલો અને ક્યારે ઉપયોગ છે તે ખુદ સ્વાનુભવથીજ મુકેલા છે. " **कातर्यं केवला नीतिः शौर्यं श्वापद चेष्टितम्** " એ સુપ્રસિદ્ધ વાક્ય અક્ષરશઃ આજ અર્થનું છે. આ સંસ્કૃત સૂત્રમાં કવિએ સામર્થ્ય અને નીતિ એ બંનેનો ઘણોજ મજેદાર સબંધ દર્શાવ્યો છે. આ વાક્યથી તે સર્વેને સ્પષ્ટપણે કહે છે કે " શૌર્ય વગરની એકલી નીતિ વ્યર્થ છે અને નીતિ સિવાયનું એકલું શૌર્ય વ્યર્થ છે. " અને શું આ બાબત જરાપણ ખોટી છે કે કેમ ? ઇતિહાસ પણ પોતાનો આવોજ અનુભવ હોવા વિષે કહે છે કે કેમ ? કદી નહી. અસહકારમાં જો નીતિ છે તો તે નીતિતત્વને અત્યુત્તમ-રીતે તે અમલમાં લાવવા માટે આજે અગર કોઈ પણ વખતે પ્રત્યેક નાગરિકને શારીરિક સામર્થ્યની —અંગબળની બિલકુલ જરૂર નથી શું ? અર્થાત્ છે. તેનાં વગર અસહકાર કોઇના તરફ પણ સારી રીતે આચારમાં મુકી શકાશે નહી. શરીરમાં સ્વાભિમાન વધ્યા સિવાય કોઈપણ વખતે સ્વરાજ્ય પ્રાપ્તિ થનારી નથી. અને આ સ્વાભિમાન જો એકાદ દુર્બળ શરીરમાં વાસ કરી રહ્યું હશે એ બિલકુલ સંભવિત નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેતો ફકત રસરશીત અને ચૈતન્ય પૂર્ણ એવા દિવ્ય શરીરમાંજ વાસ કરીને રહેલું હોવું જોઇએ. ત્યારે આવું સામર્થ્ય વાળુ શરીર તૈયાર થવા માટે હાલની સ્થિતિમાં શાસ્ત્રોકત વ્યાયામ સિવાય બીજો એકાદો જાલીમ અને ગુણકારી ઉપાય નિદાન અમોને તો દેખાતો નથી.

અસહકારમાં આત્મનિગ્રહ, સ્વાભિમાન અને સ્વાર્થ ત્યાગ ઇત્યાદિ જે કોઇ સોનામહોર જેવા સદ્ગુણોની વિશેષ જરૂર હશે તો તે સુદ્ધાં વ્યાયામથીજ પ્રાપ્ત થાયછે એ અનુભવસિદ્ધ છે. તેથી આ ઉપયોગી બાબત તરફ દેશના યુવાનોનું ફરીથી લક્ષ દોરાય તે માટે હાલના દરેક મોટેરાઓ એ મહાન ધૈર્ય ધરીને પ્રયત્ન કરવો જોઇએ અને જે કરતા હોય તેમને સારૂ ઉત્તેજન આપવું જોઇએ. નિદાન મહારાષ્ટ્રની અંદર આજ પર્યંત આ દૃષ્ટિથી સતત ૩૫–૪૦ વર્ષથી નિષ્કામ દેશસેવા કરનાર એકજ મહાન અને મનનીય પુરૂષ નિપજ્યા છે. આજ પર્યંત અવિરત અંતઃકરણથી તેમણે જે અનુકરણીય અને પ્રશંસનીય માતૃસેવા કરી છે, તેથી તેમના કીર્તિધ્વજ એકલા મહારાષ્ટ્રના તો શું પણ હિંદુસ્તાનના બીજા કોઇપણ મહાત્માના જેટલોજ ઉંચો રહેશે એમાં તલમાત્ર પણ શંકા નથી, હિન્દ–રત્ન–ખજાનાની અંદર હાલ જે કેટલાંક ચળકતાં હીરા માણેક છે. તેમાં જેનુ મુલ્ય નિઃસંશય અમૂલ્ય છે એવું તે એક " મૂલ્યવાન માણિક " છે. માણેક તો માણેકજ !

સુંદર સુવર્ણખુણાની અંદર જેવું તે સ્વ પ્રકાશથી ચમકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેવુંજ તે મૃણમય ખુણાની અંદર પણ તે ચમકયા સિવાય ખાસ રહેનાર નથી. આવા હીરા માણેકની અર્થાત્ પ્રોફેસર માણિકરાવના ઉદાત્ત, ઉજ્વલ અને સત્પ્રવાહી ચરિત્ર-સુધા-સિંધુમાં પ્રથમ પ્રવેશ કરવાનું શ્રેષ્ઠ માન પહેલ વહેલું "મિત્રો" ને મળે છે તે બદલ તેને અત્યાનંદ થાય તે ખરેખર કુદરતી છે.

૨ બાલ્યાવસ્થા

પ્રોફેસર માણિકરાવનો જન્મ શાકે ૧૮૦૦ પોષ વદી ૮ ને રોજ સુપ્રસિદ્ધ શહેર વડોદરામાં થયો. તેમના પિતાનું નામ યશવંતરાવ હતું અને માતુશ્રીનું નામ સિતાબાઇ. જન્મથી તેઓ જોકે ગર્ભશ્રીમંત હતા તો પણ નાનપણમાં તેમના ખાવા પીવામાં નકામાં લાડ તેમના માતાપિતાએ કદીપણ કર્યાં નથી. તેથી આજ તેઓ અતિ સાદા, વિનયી અને મિતવ્યયી દેખાય છે. યશવંતરાવની ઇચ્છા "મારો દિકરો કેવળ કસરતથી સ્વસંસારજ ન ચલાવે પણ તે કોઈ પણ ઉપયોગી અને આવશ્યક એવું દેશકાર્ય કરે અને પોતાની રાષ્ટ્રમાતાના સુમંગલ ઉદ્ધાર માટે વખત આવે તો પોતાની જાતને પણ હોમીદે" એ હતી. તેથી તેમણે માણિકરાવનો બાલ્યકાળ કેવળ રમતગમતમાં ન જાય તે માટે તેની નાનપણથીજ કાળજી રાખી હતી.

૩ પૂર્વ ઇતિહાસ.

માણિકરાવના કુળનો પહેલાંનો ઇતિહાસ ઘણોજ બોધપ્રદ અને મનોરંજક છે. સુમારે એક સૈકા પહેલાંની વાત. તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતારાની નજીકના રહેવાસી હતા. તેમના પૂર્વજ પેશ્વા સરકારથી વડોદરાના ગાયકવાડની નોકરીમાં આવેલા. તે વખતે વડોદરા સરકાર કાઠીયાવાડનો મુલક જીતવા માગતા હતા. આ કાર્યમાં સરકારને સારી મદદ કરી, કાઠીયાવાડ પ્રાંત જીતી આપેલો તેથી સરકારે પ્રસન્ન થઇ તેમને પરાક્રમી પુરૂષોને યથાર્થ રીતે છાજતો " માણિક " નો ઇલ્કાબ આપી, પોતે ગુણની કદર કરી બતાવી તે વખતથી તેમના કુળની માણિક અટક પડી છે. તેમની મૂળ અટક તામ્હણે છે.

માણિકરાવના પિતા વડોદરામાં એક સુપ્રસિદ્ધ વહેપારી હતા. તેમને શારીરિક રમતોનો અત્યંત શોખ હોવાથી તેમણે પોતાના સુશીલ ગજાનન (એ માણિકરાવનું ખરૂં નામ) ને તે વખતના પ્રખ્યાત મલ્લ અને બ્રમ્હચારી જુમ્માદાદા પાસે શારીરિક શિક્ષણ લેવા માટે મોકલતા. તેમની જોડીના વડોદરાના એક સન્માન્ય નાગરિક શ્રી. કે. શંકરરાવ દિઘે તેમનીજ જાતના જ હતા. આ જોડી ખરેખર રામલક્ષ્મણના જેવી હતી. જુમ્માદાદાના અનેક શિષ્યોમાં જેમ માણિક તેમને વિશેષ વ્હાલા હતા તેવાજ શ્રી. દીઘે હતા. જુમ્માદાદા પ્રેમને લીધે રાવના નામથી તેમને (માણિક-રાવને) સંબોધતા આગળ જતાં એ ' રાવ ' ઉપનામ માણિકની જોડે જોડાયું. અને ત્યારથી માણિક એ માણિકરાવ થયા. યશવંતરાવને ઘણીજ સંતતિ થઇ તેમાંની હાલમાં ફકત ત્રણજ હયાત છે. એક માણિકરાવ બીજાં તેમના બ્હેન અને ત્રીજા તેમના નાનાભાઇ લક્ષ્મણરાવ જેઓ હાલ કંટ્રાકટર તરીકે કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે. તેમણે પણ મોટાભાઇ પ્રમાણે શારીરિક વિદ્યામાં ઘણીજ પ્રગતિ કરીને શરીર સારૂ કમાવેલું છે.

ગ્રહદશાના ફેરામાંથી આજસુધી કોઇ છુટેલું નથી ત્યારે તેના યશવંતરાવ કેવી રીતે અપવાદ હોઇ શકે ? માણિકરાવના જન્મ પછી ઘણે વખતે તેમના શ્રીમંત ઘરેણામાં ભાઇએ ભાઇઓમાં મીલકતની વહેંચણી સંબંધી કજીયો ઉપસ્થિત થયો. યશવંતરાવનો સ્વભાવ અસલથી નિઃસ્વાર્થી અને ખોટી જીદના નાદમાં વિના કારણ ન પડવાનો હોવાથી તેમના ભાઇઓને વિના કારણ ખર્ચમાં ઉતર્યા નહી. ન્યાયમંદિરને પગથિએ ન ચઢવાનો તેમનો દૃઢ નિશ્ચય હોવાથી તેમણે તેમના હિત શત્રુનું કહેવું કબુલ રાખી ભાગ પાડી લીધા. યશવંતરાવે પૈસા સંબંધી ચિંતા રાખ્યા સિવાય કેવળ સંતતિને કેળવણી આપવી અને પ્રભુ ભજનમાં દિવસો નિર્ગમન કરવા લાગ્યા. સને ૧૮૯૦ માં માણિકરાવે વડોદરાની એક સરકારી નિશાળમાં જઇને માતૃભાષાનું શિક્ષણ લેવા માંડયું.

૪ રાષ્ટ્રીય શિક્ષણના ગુરૂ

સુધારણાના અગાધ સાગરની અંદર આજકાલ જે કેટલાંક નાવ અહીંતહીં રવૈર સંચાર કરી રહ્યાં છે. તેમાંનું રાષ્ટ્રીય શિક્ષણ એક નાવ છે. પરંતુ એ નાવ તેનો પ્રવાસ સુરક્ષિતપણે પાર પાડવા માટે હજુ સુધી સર્વ રીતે લાયક થયું નથી એવું અમને લાગે છે કારણ જે જે ઠેકાણેનો એટલે રાષ્ટ્રીય શિક્ષણનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસક્રમ અમારા જોવામાં આવે છે તે તે ઠેકાણે શારીરિક શિક્ષણને મહામહેનતથી દાખલ થવાનું મળેલું છે એવું અમને જણાયું છે. હાલ હિંદ દેશમાં ફરજીયાત શારીરિક શિક્ષણની કેટલી જરૂર છે એ અમારે અહીંયાં વિસ્તારથી લખવું જોઇએ એવું કંઇ નથી. હિંદુસ્થાન જેવા મહાબલાઢ્ય રાષ્ટ્રદેહ હાલમાં અંદરથી અને બહારથી જુદાજુદા પ્રકારનાં દુર્વ્યસનોથી અને મલિન વિચારોથી પાર પડી ગયો છે. સેંકડો સંસ્થાનિક હજારો જાગીરદાર, લાખો સરદાર અને કરોડો શ્રીમંતોના આસુરી વિલાસોને લીધે આ હતભાગી હિંદભૂમિ હાલમાં પૂર્ણ ઢેડવાડો બનેલો છે. પણ આનું શું કારણ છે! એનો કદીપણ કોઇએ શાંતપણે વિચાર કર્યો છે? અમારા મતપ્રમાણે આનું કારણ અમારા શરીરમાં તલમાત્ર પણ શકિત રહી નથી એજ છે! આ કરૂણાજનક પરિસ્થિતિ બરાબર ઓળખીને માણિકરાવે આપણા રાષ્ટ્રીય શિક્ષણનું "શારીરિક પ્રગતિ" એ દુર્ઘટ ધ્યેય રાખ્યું એ કોઈ પણ રીતે યોગ્યજ છે. નાનપણથી તે "જુમ્માદાદા" પાસે જતા હતા. ત્યાં તેમને શાળાશિક્ષણ અને ગૃહ શિક્ષણનો સરસ લાભ મળવાથી તેમના વિચાર ઘણા વિશાળ થઈ તે અત્યંત ઉમદા પ્રકારના થયા. અને તેમના મરણ બાદ તેમણે તેથી પણ વિશેષ ઉચ્ચતર ધ્યેય નકકી કર્યું. આવી સ્થિતિ એ આવ્યા બાદ, જેમણે કામ ક્રોધાદિ દુર્દમનીય ષડ્રિપુઓને જીતી નાંખ્યા હતા. જેનો મહાન્ માણસો માટે પણ અશકય એવો મનોનિગ્રહ હતો અને જે આજન્મ બ્રહ્મચારી હતા, ઉમરે ૧૦૦ વર્ષના થયેલા છતાં એકાદ નવયુવાન મલ્લ પ્રમાણે ઉમદા કુરતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા માટે જે મોટી હોંસ રાખતા, જે સૃષ્ટિ સુંદરીના નાના ઉત્સાહી, ઉદ્યોગી અને આનંદી બાળકોના અતિશય પ્રેમી, જે મનસ્વી પ્રેમાળ અને સાદા, જેની શય્યાભૂમિ-તલ અને વસ્ત્ર દિશાઓ એવી સાંસારિક સ્થિતિવાળા, ઉમ્મરે ૧૦૦ વર્ષ થઈ ગયેલાં છતાં પણ જેમનું શરીર તલમાત્ર ગળેલું નહિ અને જેની 'गुरुः साक्षात् परब्रह्म' જેવી મહાન યોગ્યતા એવા જે જુમ્મા-દાદા તેમને માતાપિતાની સંમતિથી માણિકરાવે અંતઃકરણથી શરણે જઇ, શિષ્ય તરીકે તેમના પવિત્ર ચરણનો સ્પર્શ કરીને રાષ્ટ્રીય શિક્ષણના ગુરૂ બનાવ્યા. તેમણે પણ 'આજ ખરો શિષ્ય' એવું કહીને તેમને સંપૂર્ણ મલ્લવિદ્યા અને તે વિષયના બીજા લગતા વિષયો ખરાદીલથી શીખવવાનું શરૂ કર્યું. આ વખતે શારીરિક શાસ્ત્ર સબંધી અન્યભાષાઓમાં કઈ કઇ કેટલી કેટલી અને શીશી વગેરે માહિતી આપેલી છે, તે જાણવા માટે તે ગુજરાતી, હિંદી, મરાઠી ઇત્યાદિ ભાષાઓ મોટા પરિશ્રમથી ખાનગી રીતે શીખવા લાગ્યા. આ વખતે તેમની ઉમર સુમારે ૧૮ વર્ષની હતી. આટલી નાની ઉમ્મરમાં તે દરરોજ ૧૯૫૦ દંડ અને ૩૦૫૦ બેઠક સહેજ રમતમાં કાઢતા હતા એ અત્યંત આશ્ચર્યજનક બાબત છે.

૫ ગુરૂ ભકિત.

આર્ય સંસ્કૃતિ મુજબગુરૂની તુલના બ્રહ્મા, વિષ્ણુ અને માહેશ્વરની સાથે કરવામાં આવે છે. અને પરબ્રહ્મનું સાક્ષાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપ ગુરૂને ગણવામાં આવે છે. તેવીજ ભાવના પ્રો. માણિક-રાવની તેમના પૂજ્ય ગુરૂ " શ્રી જુમ્માદાદા " તરફ હતી. ગુરૂ-ભકિતનો મંત્ર તેમણે વાણીમાં, હૃદયમાંજ ફકત સેવ્યો ન હતો. પણ ગુરૂની દરેક ઇચ્છા હુકમ અને જરૂરીઆત પૂર્ણ કરવા તેવો ખડેપગે તૈયાર રહેતા. પછી કાર્ય અને ગુરૂની ઇચ્છા ગમે તેવી હોય દુર્ઘટ કેમ ન હોય ? તેમના ગુરૂશ્રી જુમ્માદાદા ફકીર હતા. તેમને ત્યાં અનેક ફકીર અભ્યાગતો અવાર નવાર ચાલુજ રહેતા. રસોઈનું કાર્ય પ્રો. માણિકરાવને શીર હતું એટલે ગુરૂની સાથે અભ્યાગતોની પણ જમવા તથા સુવા સબંધી સર્વ સુશ્રુષા કરવી પડતી. વિશેષ ગુરૂશ્રીએ દુધમાટે બકરાં રાખેલાં તેને માટે ચારો તથા બળતણમાટે લાકડાં છાણાં વિગેરે જંગલમાં જઈ કાપી લાવવાની ફરજ પણ માણિકરાવનેજ શિર હતી. એટલે દિવસે બકરાં ચારવાંને જંગલમાં જઇ લાકડાં કાપી લાવવામાં પણ વખત વ્યતીત થતો. તે ઉપરાંત તેમના ગુરૂ શ્રીજુમ્માદાદાનો સુવાનો પ્રોગ્રામ દરરોજ જુદે જુદે ઠેકાણે રહેતો. તેઓ મસ્તફ-કીર એટલે કયાં સુવે તે નકકી નહિ. હુકમ રોટી પહોંચાડવાનો આવે ત્યારે તે સ્થળનો નિર્દેશ થાય તેથી સમજાયકે ગુરૂશ્રી અમુક ઠેકાણે આજ રાત્રિ ગાળવાના છે. ત્યાં જઈ પ્રો. માણિક-રાવને રોટી પહોંચાડવી પડતી પછી ભલે તે સ્થાન ઉતારાથી ત્રણચાર માઈલ દૂર કાં ન હોય ! ઉનાળના દિવસે બપોરના વખતે ખુલ્લા પગે ચાલી માઇલ દોઢમાઇલથી દેગડા થી પાણી ભરી લાવી તે ઉતારામાં પાણીના માટલાં નહિ પણ મોટી કોઠિયે ભરવાનીં તેમને શીર હતી આવા અનેક પ્રકારના કાર્યો તેમને ગુરૂ-સેવાને અંગે કરવા પડતાં. આ ઉપરથી ખ્યાલ આવશેકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજકાલના તરૂણ વિદ્યાર્થિઓજે નિશાળ યા કોલેજોમાં ઉચ્ચ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવાના મિથ્યાભિમાન તણાઈ જઈ રીતભાત અને સ્વમાન (Etiquette & self-respect) ના ખોટા ખ્યાલમાં પોતાનુજ શારીરિક મહેનતનું કાર્ય કરવામાં જેને શરમ લાગે તે આવી ગુરૂ-સેવા નો ખ્યાલ કેવી રીતે આવે? એક સરદાર ધરાણાના નબીરાને કેવળ ગુરૂ ભકિતના યોગેજ વડોદરા જેવા શહેર વચ્ચે થઇને બકરાં લઇ માથે લાકડાંનો ભારો લઇ જવામાં કેટલો ઉંચા પ્રકારનો મનોનિગ્રહ રાખવો પડતો હશે અને ગુરૂ તરફની હૃદયની ભાવના કેટલી ઉચ્ચ કોટિની હશે તેનો વાંચકે રહેજ ખ્યાલ કરી લેવો ! તેમાં ગુરૂની કસોટી પણ જબરી આવા વેશમાં માણિકરાવ જતા હોય ત્યારે રસ્તા વચ્ચે માણિકરાવને ઉભા રાખી સાથેનો માણસ સાથે તેમના ગુરૂ વાતચિતમાં રોકાઇ ઉભા રહે એટલે ફરજીઆત માણિકરાવ ને પણ ઉભા રહેવું પડે રસ્તે જતાં આવતાં લોકોમાં ઘણા ઓળખતા હોય તેમનામનમાં માણિકરાવના આવા વેશથી કેવો ખ્યાલ થાય? આવા પ્રસંગે સાધારણ મનુષ્યના હૃદયમાં શર્મના ખ્યાલથી ગમે તેવી ગુરૂભકિત હોય તો પણ તે બરફની પેઠે પીગળી જાય. માણિકરાવ તો આવા વિકટ પ્રસંગોમાંથી સો ટચ સોનાની કસોટીમાંથી પાસ થયેલા ત્યારેજ ગુરૂજીએ "આજ ખરો શિષ્ય" એવા ઉદ્‌ગાર કાઢેલા અને તેમના હૃદયમાં લાગણી થયેલી.

ગુરૂ-શિષ્યનો સંબંધ કેટલો કેળવાયલો હતો તે નીચેના દાખલા પરથી સેજે સમજાશે :-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરૂની રજા શિવાય રાત્રે મકાનમાંથી બહાર જવાનો સખ્ત પ્રતિબંધ હતો એક વખત વડોદરામાં સરકસ અને નાટક બન્ને મિશ્ર કાર્ય કરનાર મંડળી આવેલી કેટલાક વિદ્યાર્થીઓને જોવા જવું તેથી માણિકરાવને સમજાવ્યા કે સરકસ તે તો વ્યાયામના ખેલ તે જોવામાં શો વાંધો ગુરૂ બહાર ગયેલા અને મોડા આવવાના હતા તે દરમ્યાનમાં જોઈને પાછા આવી જવાશે એવા ખ્યાલથી માણિકરાવ પણ સાથે ગયા. માણિકરાવને પાછળથી સમજાયું કે સરકસના ખેલની સાથે નાટક પણ થવાનું છે તેથી ઉતારા પર આવવાનું ઘણું મોંડુ થયું હવે ફીકર પેઠી કે ગુરૂશ્રી ઉતારા પર આવી ગયેલા શું કરવું ? વીચાર્યું કે સવારે ચાર વાગે પરભાર્યા દોડવાની કસરત માં દાખલ થઈ જઈશું તેમ વિચારી ચાર વાગેદોડમાં દાખલ થવા ગયા રાત્રે ગુરૂએ આવી પથારી જોયેલી તે વખતે માણિકરાવ પથારીમાં ન હતા બહાર ગયા છે એમ ખાત્રી કર્યા બાદ ગુરૂએ પથારી વાળી નાખેલી અને ચાર વાગે માણિકરાવને જોયા બરાબર હુકુમ કર્યો કે "નિકલ જાવ" આ ક્રોધાવેશમાં અપાયેલા હુકમથી માણિકરાવ ગભરાઈ ગયાને દુર નજીકની વાડ પાસે જઇ બેઠા તે બેઠા સાત દિવસ નથી ગુરૂ શિષ્યને બોલાવતા ને નથી ગુરૂ શિષ્ય ઉઠી ગુરૂ પાસે વગર હુકમે જતા આવા કટ્ટર મનુષ્યને સમજાવે પણ કોણ છેવટે ગુરૂના એક વૃદ્ધ મિત્ર વચ્ચે પડયા ને બંન્નેનું સમાધાન કરાવ્યું માણિકરાવે પોતાનો અપરાધ કબુલ કરી ક્ષમા માગી રસોઇ જોકે માણિકરાવને કરવા દીધી પણ છમાસ સુધી ગુરૂ માણિકરાવ જોડે અબોલ રહ્યા. કેટલા નજીવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાતા ગુન્હા માટે કડક સજા હાલમાં કોણ આરી શિ
કરનાર છે ને કોણ શિક્ષા સહન કરનાર છે ? સાત દિવસ સુ
નથી ગુરૂએ પાણી કે ખોરાક લીધો નથી શિષ્યે પણ કાંઈ લી
આવો પરસ્પરનો સબંધ શું સુચવે છે ! એજ કે કયાં ખ
લાગણી છે ત્યાં ગુન્હાનું પરિણામ બન્નેને સોસવું પડે
શિક્ષણમાં એવી શી ત્રુટિ કે શિષ્ય ગુન્હો કરે ! એ ગુરૂ
વિચારવાનું છે. માણિકરાવ પોતાના મનથી ગમે તેવું સા
કાર્ય કરે તો પણ ગુરૂશ્રીતો તેમાં અનેક ભૂલો કાઢી બતાવે કસરત
કાર્યમાં જો કંઈ ભૂલ પડે તો પાસે જે કંઇ વસ્તુ પડી હો
તેનાથીજ તે ભૂલ સુધારવાની. તાલીમખાનામાં કંઇ વસ્તુ
હોય ? મગદલીયા, લાઠી, દંડો, એવું કંઈ હાથ ઉપર ચઢીજા
તેનાથીજ ગુરૂશ્રી પ્રસાદી આપી પાઠ ભણાવે તે પ્રસાદી માણિકરા
ગુરૂશ્રીની પ્રસાદી તરીકે સ્વીકારી આનંદ માનતા. કાર્ય લેવામ
ગુરૂ ઘણા જ કડક હતા તેવો હમેશ ગંભીર રહેતા કોઈ પણ વખ
તેમને માણિકરાવે કોઈની પણ સાથે હસતા કે ટોલટપ્પા કરત
જોયા નથી. માણિકરાવે જીવનમાં એજ પ્રસંગે તેમના મુખ ઉપ
સહેજ હાસ્યની છટા જોયલી બન્ને પ્રસંગોનો સબંધ માણિ
રાવના કાર્ય સાથે હતો. એક પ્રસંગ માણિકરાવની ખાનગી
બાબતનો હોવાથી તેનો અત્રે કંઇ ઉલ્લેખ થઇ શકે તેમનથી
પ્રસંગ માણિકરાવના બ્રહ્મચર્ય પણાની ખરી કસોટી કરવાનો
હતો. બીજો પ્રસંગ અગડના કુસ્તીના દંગલનો હતો તેમ
પ્રતિસ્પર્ધીએ માણિકરાવને ઉખેડના દાવમાં ઉંચે ઉછાર્યા
વખતે માણિકરાવ તેવી અધ્ધર સ્થિતિમાં કબુતરની માફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાટીને નીચે આવી ઉભા રહ્યા. તે ચિત્ત થતાં બચી ગયેલા આ કાર્ય ઘણુંજ અઘરૂં બલ્કે અશકય જેવુંજ થતુ છતાં પણ વીજળીની ત્વારાએ માણિકરાવ તે સાધ્ય કરી શકયા તેથી ગુરૂને પોતે આપેલા શિક્ષણનુ કંઇક પ્રાપ્ત થયું જણાવાથી તેમના ચહેરા ઉપર સંતોષ તથા હાસ્યની સહેજ છટા જણાયેલી. મહાનલોક કાર્યની સફળતાથી ફુલાઇ જતા નથી તેમને મન તો ગમે તેવું કાર્ય અને પરિણામ હોય તે સર્વ ફરજમાંજ વિરમે છે.

આ ઉપરથી સ્પષ્ટ સમજાયું છે કે પ્રો. નાનપણથીજ તપસ્વી તરીકે જીવન ગુજારતા આવ્યા છે. અનેક સેવા કાર્ય એટલે અનેક પ્રકારની શારીરિક મહેનત-માનસિક વ્યથાઓથી ભરપૂર તેમનું જીવન હોવા છતાં " શારીરિક શિક્ષણ " જેવી ખર્ચાળ જેને માટે સરકાર પણ હજુ તેમની સમક્ષ આરોગ્ય-મંદિર વ્યાયામ મંદિર જેવી યોજનાઓ રજુ થયાં છતાં ખર્ચના સવાલથી અમલમાં મુકતાં પાછી પડતી જણાય છે. તો પ્રો. માણિકરાવ જેવી એકજ વ્યકિત સ્વાલંબનથી પોતાને ખર્ચે મફત જન સમાજને આપી અનેક મનુષ્યોને નવજીવન અર્પી તેમની અગાધશકિતનો લાભ અનેક રીતે સેવા ભાવથી જનતાને આપી રહ્યા છે. એટલુંજ નહિ પણ વ્યવહારીક બાબતોમાં પણ સર્વની સાથે સામેલ રહી તેને અંગે બજાવવાની ફરજો યથાર્થ રીતે બજાવી એક સદ્ગૃહસ્થ તરીકે ખાનગી પણ મહાન યોગી તપસ્વી અને રાજશાહી જીવન ગુજારી રહ્યા છે તે સર્વ અમારા ધારણા પ્રમાણે તેમની સત્ય ગુરૂ ભકિતનોજ પ્રભાવ છે. આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રો. માણિકરાવ જેવા અનેક ગુરૂભકત ભારત ભૂમિમાં પાકે અને અવિરત ગુરૂભકિત-સેવા કરી આર્ય સંસ્કૃતિને ઉજ્વળ કરી જનતાને તેનો સારો લાભ આપે એવી શુભેચ્છા રાખી અમે વિરમીશું.

૬ વિચિત્ર લીલા.

(ભાવિના ખેલ)

દૈવની વિચિત્ર ગતિ ખરેખર વિલક્ષણ છે એવું કહેવું પડે છે. એમ ન હોય તો માણિકરાવના સતત ચાલતા શિક્ષણમાં નકામાં સંકટ કેમ આવે ! માણિકરાવને શાળાનું શિક્ષણ ઘણુંજ મોડું મળવાનું થયેલું. છતાં પણ કુદરતી રીતેજ તેઓ કુશાગ્ર બુદ્ધીના હોવાથી તે કોઇ પરીક્ષામાં કોઇ પણ વખતે નપાસ થયા નથી. યશવંતરાવને પોતાના પુત્રનો અભ્યાસમાં આટલો ઉત્સાહ અને ચપળતા જોઇને અત્યંત આનંદ થતો હશે. પણ આજ વખતે વડોદરામાં પ્લેગની શરૂઆત થઈ હતી. તે ઉમ્મરમાં વૃદ્ધ થયા હતા તો પણ હૃદયમાં નિવાસ કરી રહેલી લોક કલ્યાણની ભાવનાને લીધે પ્લેગથી ત્રાસી ગયેલા લોકોને તે પ્રત્યક્ષ રીતે બનતી તમામ મદદ કરવા લાગ્યા. પણ દુષ્ટ દૈવને તેમનું તે સુકાર્ય ના પસંદ જણાયું. કારણ આ વખતે તે પોતેજ માંદા પડયા. પ્લેગથી પીડાતા લોકોની અને પોતાના કુટુમ્બીઓની વ્યવસ્થા કરતાં કરતાં પહેલેથીજ યશવંતરાવ પોતે ત્રાસી ગયા હતા. તેવામાંજ તે હવે એકાએક માંદા પડયા. દિવસે દિવસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનો દુખાવો વધારે વધારે વધતો ગયો. તે સારા થાય તે માટે પુષ્કળ દવા દારૂ અને પ્રયત્ન કરવામાં આવ્યા. પણ વિધિના લેખ આગળ કોઈનું કંઇ પણ ચાલતું નથી. આખરે ૧૮૯૬ માં 'યશવંતરાવ' સ્વર્ગવાસી થયા! માણિકરાવ ઉપર તેમની માતુશ્રી ઉપર આ મોટો કેર ગુજર્યો. આ અનર્થ-પરંપરા એટલેથી જ અટકી નહિ. કારણ આ પિતૃમરણનું દુઃખ વિસરીને માણિકરાવ પોતાના શિક્ષણ તરફ વળ્યાને એક કે બે વર્ષ થયાં ન થયાં ને તેમના પરમપૂજ્ય ગુરૂ જુમ્માદાદા તેમને નિરાધાર સ્થિતિમાં સન ૧૯૦૪ માં મુકીને ગયા. મરણ વખતે તેમની ઉમર બરાબર ૧૧૦ વર્ષની હતી હાલના વખતમાં આટલી મોટી ઉમર ઉત્તમ રીતે ભોગવનાર ભાગ્યશાળી લોકોની સંખ્યા કવચિતજ સંભળાય છે. જેમણે પોતાને આજ ખરો શિષ્ય! એવા અભિમાનથી પોતાની શારીરિક સંજીવની વિદ્યા નિઃસ્વાર્થી પણે શીખવાડી તેવા પોતાના ગુરૂના સ્વર્ગવાસથી 'માણિકરાવ' ને કેટલું દુઃખ થયું હશે. તેની આપણે કેવળ કલ્પનાજ કરવી જોઇએ. આવા દુઃખદાયી વખતમાં પણ તેમણે આવી પડેલા સંકટ સામે મોટા ધૈર્યથી ટકકર ઝીલી આ તેમને તેમના ગુરૂએ આપેલા રાષ્ટ્રીય શિક્ષણનું પરિણામ ન હોતું શું?

૭ આત્મોદ્ધાર

"उध्धरेदात्मनात्मनम्" (પોતાની જાતથીજ પોતાનો ઉદ્ધાર થાય છે) એ તત્વ ખરેખર ઘણુંજ સુંદર અને સર્વોપયુક્ત છે. કહણ સમયમાં કોણ કામ આવે છે! આના જેવી જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક તરેહની જે માર્ગદર્શક કહેવતો આપણા તેમજ બીજા દેશોમાં રૂઢ થયેલી હોય છે તેનું કારણ શું ? અમને તેનું કારણ એવું જણાય છેકે "જેનો તેજ" હોવાથી તેણે બીજા કોઇના તરફ "મને તે સહાય કરશે" આવી આકાશકુસુમવત્ આશાથી કોઈપણ વખતે અવલંબી રહેવું નહા એ બાબત તેના મન ઉપર સારી રીતે ઠસાવવા માટેજ ઉપર જેવી કહેવત હશે. જેવી રીતે કોઈના મરણ વખતેજ ભૂલથી પણ તેની પાસે કોઇ જવાની ઇચ્છા કરતું નથી. તેજ પ્રમાણે તેની પડતી દશામાં તેને સહાય કરવા માટે ઘણું કરીને કોઈની ઇચ્છા થતી નથી એવો વ્યવહાર શાસ્ત્રનો સિદ્ધાંત છે. અને તેથીજ 'આત્મોદ્ધાર'એ આપણો આપણેજ કરવોજ જોઇએ અને જેનો તેજ ખરો મિત્ર અથવા શત્રુ છે એવું આલાપયુકત, કર્ણમધુર, ગાયન ભગવાન શ્રી કૃષ્ણ પોતાને ગમતી ગીતારૂપી મુરલીમાંથી અત્યંત આનંદથી ગાયછે, આ ગાયનનો પ્રભાવ પ્રત્યેક રસિક વ્યકિતમાત્ર ઉપર થયેલો છે. પ્રત્યેક રસિકને તેણે વિલક્ષણ રીતે તાપી જોયા છે. તો પછી તેમાંથી અમારા રસિકવર્ય માણિકરાવ કેવી રીતે છુટનાર ! તે ગાયનથી તેમણે સમજાઇ ગયું કે આપણી અસહાય સ્થિતિમાં કોઈપણ ખુશ અંતઃકરણથી મદદ કરવા ઇચ્છનાર નથી તો આપણેજ આપણી ઉન્નતિ કરી લેવી જોઈએ. આ પ્રમાણે તેમનો દૃઢ નિશ્ચય થવાથી તેમને સંપત્તિ નહી હોવાની એટલી બધી દરકાર કરી નહિ. અને કાર્ય નિષ્ટા અને દૃઢસંકલ્પ, આ ત્રૈલોકયને જીતનાર ત્રિપુટીના બળ ઉપર તેમણે પોતાનો શિક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમ પુરો કર્યો અને એવી રીતે પોતાના ભવિષ્યના અભ્યુદયનો મજબુત પાયો નાંખ્યો.

આવી રીતે વખત વીતતો હોવાથી પોતાના અને ગુરૂના સ્વર્ગવાસ પછી તેમનું મન કોઇક વખત દુઃખી થાય પણ તે તેટલા પુરતું જ.

૮ રાષ્ટ્રસેવા

જુમ્માદાદા લોક સંગ્રહી હોવાથી વડોદરામાં પોતાના રહેવાના ઠેકાણે તેમણે એક વ્યાયામશાળા કાઢી હતી. તે વખતે આ શાળામાં કેટલાક કસરતના શોખીન જુવાન અને સંસારી લોક આવતા હતા અને આ સર્વને જુમ્માદાદા ઘણીજ મહેનતથી શારીરિક શિક્ષણ આપતા હતા પરંતુ તેમના મરણ બાદ આ શાળા કોણે અને કેવી રીતે ચલાવવી એવો સર્વ આગળ નિકટ પ્રશ્ન આવી પડયો આ પ્રશ્નનો સારો ઉકેલ કરવા માટે પણ કોઇ ઉત્સાહથી આગળ આવ્યું નહી. માણિકરાવને તે બીલકુલ રૂચ્યું નહીં તેમણે રા. રા. શંકરરાવ દીઘેની સલાહથી પોતાનો અભ્યાસક્રમ પુરો થયેલો હોવાથી શાળાનો સર્વ ભાર પોતાના શીર ઉપર લઇને તેનો પહેલાં કરતાં વિશેષ સુવ્યવસ્થિત અને સુસંઘટિત સ્વરૂપ આપવા માટે હળવે હળવે પ્રયત્ન કરવા લાગ્યા અને છેવટે તેમણે યશઃ સિદ્ધિ મેળવી. સદર શાળા મંદિરને કોનું નામ આપવું તે પ્રશ્ન ઉપસ્થિત થયો. તે વખતે એક સદ્ગૃસ્થ તરફથી એવી માગણી થયેલી કે જો તે મંદિરને પોતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ આપવામાં આવે તો રૂ. ૫૦૦૦૦) અંકે પચાસ હજાર રૂપીઆ તે મંદિર પેટે બક્ષિસ આપે. આ વખતે "લક્ષ્મી દેખી મુનીવર ચળે" એવો પ્રોફેસર માણિકરાવને માટે ખરી કસોટીનો પ્રસંગ આવ્યો. એક બાજુ પુજ્ય ગુરૂશ્રી જુમ્માદાદા કે જેઓના હૃદયમાં હિંદુ મુસલમાન, ઇત્યાદિ કોમોનો કોઈ પણ જાતનો ભેદભાવ ન હતો, અને જેઓ ફોટો સુદ્ધાં પણ લેવરાવવાની વિરૂદ્ધ હતા, એટલા સાદા અને આખું જીવન નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે રહી હિંદુસ્તાનમાં જુદે જુદે સ્થળે ફરી વ્યાયામના જુદા જુદા વિષયોના જુદા જુદા ઉસ્તાદોના હાથે શિક્ષણ મેળવી, જેમણે લગભગ અરાઢ જેટલા ગુરૂ કર્યા હતા, અને જેમનો જીવનનો હેતુ શારીરિક વિદ્યાને સજીવન રાખવી એ હતો, અને તેથી જેમણે નિખાલસ હૃદયે તે સર્વ વિદ્યાનું શિક્ષણ પ્રો. માણિકરાવને આપી, ઉપકારી કર્યા હતા, તેવા બ્રહ્મનિષ્ઠ ગુરૂનું નામ અમર રહે તેવી ભાવનાથી તેમના સ્મારક તરીકે તે શાળાને જુમ્મા દાદા નામ આપી તેમનું ઉત્તમ પ્રકારનું સ્મારક જુમ્મા દાદા વ્યાયામ મંદિર સ્થાપીને કરેલું છે એવું કહેવામાં કોઇને વાંધો નથી.

કે. વા. ખંડેરાવ મહારાજની કારકીર્દીના વખતમાં વડોદરા શહેર વ્યાયામના નિષ્ણાતો (ઉસ્તાદો) ના સ્થાન માટે મશહૂર હતું. પોતે ખંડેરાવ મહારાજ એ મલ્લ વિદ્યામાં સરસ નિપુણ હતા અને તેથી વિદ્યા માટે તેમના મનમાં હરહમેશ પ્રીતિ રહેતી હતી અને એ તેમની પ્રીતિ તેમના છોટે નસીબ, જુમ્મા દાદા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીરોજ, ઈશ્વર જેઠી, રામચંદ્ર જેઠી, ભાગીરથ અને ગુટ્ટા ઇત્યાદિ જેવા પહેલાંના અતિ ઉત્તમ અને બલવાન મલ્લોને અનેક પ્રસંગે તેમના કૌશલ્ય માટે પુષ્કળ મૂલ્યવાન ઇનામો આપી જે સન્માન કરેલું તે ઉપરથી સારી રીતે જણાયલી છે. પરંતુ આગળ ઉપર અમારા સમાજમાં પાશ્ચાત્ય રીત રીવાજોનું વિશેષ જોર થવાથી, આ વિદ્યા પાછી પડી, તેને ભણનાર પાછા પડયા. અને તેના ઉપર પ્રીતિ કરનાર પણ પાછા પડયા એક વખતે શ્રી ખંડેરાવ મહારાજાની કારકીર્દીના વખતમાં—જે વડોદરામાં ૨૫૦ સુધીના કેવળ ગણતર મલ્લ હતા અને જેના એકંદર ખર્ચ માટે સરકારી તીજોરીમાંથી રૂ. ૭૦૦૦૦ અંકે સીતેર હજાર રૂપીયા ખણખણ કરીને બહાર પડતા હતા તેજ વડોદરામાં આજ આખા પાંચ પચીસજ મલ્લ છે, અને તેમના ખર્ચ માટે દરસાલ સુમારે રૂ. ૧૦૦૦૦–૧૨૦૦૦ દશથી બાર હજારજ રૂપીઆની વ્યવસ્થા થાય તે ખરેખર વિચિત્ર છે ! આ કાળ મહિમા અગર સ્વભાવ મહિમા તથાપિ ત્યાંજ પ્રો. માણિકરાવ સરખા ઉદ્યોગી, કાર્યનિષ્ઠ, નિશ્ચયી, બહાદુર અને પોતાનાં સગાં વ્હાલાંનો ભયંકર ગુસ્સો સહન કરીને આજન્મ બ્રહ્મચર્ય વ્રત જે અત્યારના સમયમાં પાળવું કેટલું દુર્ઘટ છે તે પાળવાની રાષ્ટ્રીય પ્રતિજ્ઞા કરનાર મહાન ગ્રહસ્થ આજ પણ અપવાદ તરીકે છે, અને પોતાની જન્મભૂમિની શારીરિક બાબતમાં પહેલાંની ઉજ્વળ કીર્તિ કાયમ રાખવા માટે તે જીવતોડ પ્રયત્ન કરી રહ્યાં છે એ માટે હાલની સ્થિતિમાં કોઈ પણ તેમને ધન્યવાદજ આપે. હાલમાં તેમના જુમ્માદાદા વ્યાયામ મંદિરમાં ઘણાજ વિદ્યાર્થી, શારીરિક શિક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઇને પોતાનું જીવન ઘડી રહ્યા છે. ત્રીસ પાંત્રીસ વિદ્યાર્થીઓ તો ખુદ મંદિરમાંજ રહેતા હોવાથી તેમના ખર્ચે તેમના ખાવા-પીવાનો ઈત્યાદિ સર્વ પ્રકારનો પ્રબંધ મંદિર તરફથીજ થાય છે. મંદિરની ફી ફક્ત ૦–૪–૦ ચાર આના છે. કોઇપણ વિદ્યાર્થીને આરોગ્ય ઉપર નીતિ ઉપર અને રાજકીય પુસ્તક સિવાય બીજું કોઈ પણ પુસ્તક વાંચવા દેવામાં આવતું નથી એ વિશેષ છે. અહીંયા દંડ, જોડો, બેઠક, મલ્લખંબ, કુસ્તી, ભાલા, ફરીગદકા, લાઠી, બકેત, ફીરંગ, વેત, સંતોલા, અને ચક્કી જેવા શારીરિક શાસ્ત્રમાંના સર્વ વિષય જેની તેની શકિત પ્રમાણે ખાસ કાળજી પૂર્વક અને પદ્ધતસર શીખવવામાં આવે છે. આ શાળામાં શિક્ષણ મેળવી શ્રી. ગુણે (સ્વામી કુવલયાનંદ) શ્રી. જોગ, ચૌકર, મહાડકર, મહાબળ, સોનીરામ, બાહુદીન, સ્વામીરાવ ઈત્યાદિ કેટલાક ઉત્સાહી, તરૂણ અને મર્દ વિદ્યાર્થીઓએ આ વિદ્યામાં નિપુણતા બદલ અનેક ઠેકાણેથી સુવર્ણ પદક મેળવીને તેમાંના ઘણાકોએ સ્વતંત્ર રીતે શારીરિક શિક્ષણ આપવાનું જુદે જુદે સ્થળે શરૂ કર્યું છે. આ વ્યાયામ મંદિરમાં શરીરે ઘાટદાર અને ચહેરે તેજસ્વી એકાદ તરૂણને જોવાથી અમારા સુશિક્ષિત અને કૃતિચ્યુત યુવાની " એક અનઘડ જેવી મલ્લવિદ્યા શીખવી, કુસ્તી કરી માટોડીમાં આળોટવું અથવા અમુક નેમ તાકવાનુ એટલે પારધીનું કામ શીખવું એ જંગલી મનુષ્યોને કરવાનાં કામ છે. અમારૂં સુશિક્ષિતોનું નથી." આવી ભ્રમમૂલક ચમત્કારિક અને અજ્ઞાન દર્શક સમજ કયારે પલટાશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વિષય માટે અંતઃકરણમાં વિવિધ-વિચાર તરંગ ઉદ્ભવે છે અને તેમની પોતાના આરોગ્ય બદલની આ અનિષ્ટ અનાસ્થા જોઇને મનમાં વિલક્ષણ ઉદ્વેગ પ્રાપ્ત થાય છે. પુરાતન કાળમાં સ્ત્રીઓ પોતાનું ગ્રહકાર્ય મોટી દક્ષતાથી અને જુદી રીતે કરતી હોવાથી તેમને તે વખતે મુદ્દામ જુદો વ્યાયામ કરવો પડતો નહી. પરંતુ હાલની સ્ત્રીઓએ ખાસ કરીને નવી વિવાહિત વર્ગમાંની પુરૂષો પ્રમાણેજ પાશ્ચાત્ય ઢંગોથી વિલક્ષણ ગરબડ કરી મુકેલી હોવાથી-તેઓનું ગ્રહકાર્ય તરફ અત્યંત અક્ષમ્ય દુર્લક્ષ થતું જાય છે અને તેથી તેમને બીલકુલ વ્યાયામ મળતો નથી તેથી આવી અનુકુળતા માટે પ્રો. માણિકરાવે રા. રા. શંકરરાવ દીઘેની સહાનુભુતિથી અને મદદથી એક "કન્યા આરોગ્ય મંદિર" વડોદરામાં ખોલેલું છે. આ મંદિર સંબંધી તા. ૧૪-૧૦-૧૯ ના "કેસરી" માં મુલીંચી વ્યાયામ પધ્ધતિ એ મથાળા હેઠળના લેખમાં નીચે પ્રમાણેના પ્રશંસાના ઉદ્ગાર કાઢેલા છે.

"પ્રોફેસર માણિકરાવે વડોદરામાં વ્યાયામ શાળા કાઢીને છોકરાઓની શારીરિક સુધારણાની જેવી ઉત્તમ સવડ કરેલી છે તેજ પ્રમાણે કેટલીક સ્ત્રીઓને શિક્ષણ આપીને તેમના હાથે "કન્યા આરોગ્ય મંદિર" સ્થાપીને કન્યાઓના આરોગ્ય માટેની તેમણે તજવીજ કરેલી છે. આવી રીતે કન્યાઓ પાસે વ્યાયામ ન કરાવવાથી તેમના આરોગ્યની હાનિ થઇ ભવિષ્યની ઓલાદને આરોગ્યની બાબતમાં મોટો ધોકો પહોંચશે. કન્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરોગ્ય મંદિરમાં સ્ત્રીઓના વ્યાયામના જે જે પ્રકાર ચાલુ છે તે પ્રકારોથી સ્ત્રીઓના કુદરતી ધર્મને બાધ આવતો નથી એવું લાહોર નિવાસી શ્રી. મુલાદેવી એમ. ડી. એ. સર્ટીફેકેટ આપેલું છે. બૌદ્ધિક શિક્ષણ આપવાના નાદમાં સ્ત્રીઓના આરોગ્ય તરફ દુર્લક્ષ કરવાનું પાપ ન થાય તે માટે પ્રો. માણિકરાવે આ જે વ્યાયામ પદ્ધતિ ગોઠવેલી છે તેને માટે હિંદી સમાજ તેમનો અત્યંત આભારી છે."

આ સંસ્થા ઇ. સ. ૧૯૧૫ માં સ્થાપવામાં આવેલી છે, અને તેનો લાભ લગભગ અત્યાર સુધીમાં ચારસો કન્યાએ લીધેલો છે. આ કન્યા આરોગ્ય મંદિર તરફથી દર સાલ ગણપતિ ઉત્સવમાં એક દિવસ ખાસ સ્ત્રીઓ માટે વ્યાયામના ખેલ કરી બતાવવામાં આવે છે. તેમાં મુખ્યત્વે જોડી, લેઝીમ, લાઠી, હાથના, પગના તથા પેટના વ્યાયામો શીખવવામાં આવે છે અને માલીસ તથા આરોગ્ય શાસ્ત્ર અને વ્યાયામ શાસ્ત્રનું જ્ઞાન આપવામાં આવે છે. આઠ વરસની ઉમ્મર અને ઉપરની ઉમ્મરની સ્ત્રીઓને આ મંદિરમાં દાખલ કરવામાં આવે છે. ફી કોઇ પણ પ્રકારની નથી, શિક્ષણક્રમ બે વર્ષનો છે. દર વર્ષે પરીક્ષા લઈ પાસ થનારને પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ મંદિરના નિયમ પાલન ઘણા ઉત્તમ પ્રકારના છે.

૯ શિવાજી મંદિર

જનસમાજમાં શૌર્યતા અને સ્વાભિમાન ખીલે અને વીરપુજનની ભાવના કેળવાય તે માટે દેશના આદર્શ નરવીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવાજી મહારાજના સ્મારક તરીકે શિવાજી મંદિર સ્થાપવું એવી પ્રો૦ માણિકરાવના સદ્ગત મિત્ર શ્રી. ખાસેરાવ જાધવની તીવ્ર ઇચ્છા હતી. તે ઇચ્છાને માન આપી પ્રો૦ માણિકરાવે વ્યાયામ મંદિરના ચોગાનમાં શ્રી. શિવાજી મંદિર સ્થાપ્યું છે. તેમાં શિવાજી મહારાજની ભવ્ય મુર્તી પધરાવેલી છે. વ્યાયામ મંદિરના વિદ્યાર્થીઓ હંમેશ શિવાજી મહારાજની પ્રતિમાનું વીરપૂજન કરી શૌર્યતા અને સ્વાતંત્ર્યતાનાં આંદોલનો કેળવે છે.

શ્રી શિવાજી મહારાજના ત્રીશત્ સાંવત્સરિક જન્મ મહોત્સવ વૈશાખ સુદ ૨ શકે ૧૮૪૯ એટલે તા. ૩ મે સન ૧૯૨૭ મંગળવારને રોજ શિવાજી મંદિર શ્રી શિવાજી મહારાજની મૂર્તિની સ્થાપના કરવાની હતી આવા વીરનરની પ્રતિમાની સ્થાપના માટે " બત્રીસ લક્ષણા પુરૂષનું બલિદાન—ભોગ કીંવા લોહી " ની જરૂર પુરાતન માન્યતા પ્રમાણે પડેલી. તે માન્યતાને સાચી ઠરાવવા માટે, શિવાજી મહારાજની મૂર્તિને શિવાજી મંદિરમાં લાવવા માટે જે સરઘસ નીકળેલું, તેમાં વડોદરા રાજ્યના રાજ્ય ધરેણાના માણસો મોટા અમલદારો, નાગરિકો, તેમજ જુદીજુદી વ્યાયામ શાળાઓના વિદ્યાર્થીઓ, સ્કાઉટસ્, સ્વયંસેવકો, વિગેરે હતા. શિવાજી મહારાજની પ્રતિમા જે પાલખીમાં બેસાડી હતી, તે પાલખીના રક્ષક પ્રો. માણિકરાવ હતા. રસ્તામાં અધવચ રાવપુરા રોડ ઉપર લીમડાપોળના નાકા આગળ મુસલમાન લોકોના એક તોફાની ટોળાએ, મસ્જિદમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર આવી એકાએક સરઘસ ઉપર પત્થરનો મારો ચલાવી હુમલો કર્યો. મુસલમાન બીરાદરોની મહત્વાકાંક્ષા શિવાજીની પ્રતિમાને તોડી હિંદુઓના ગૌરવને હલકું પાડવાની હતી. આ ધર્મ યુદ્ધમાં પ્રો. માણિકરાવના વ્યાયામ મંદિરના ઘણા વિદ્યાર્થીઓએ લાઠીથી મુસલમાનોનો સારો સત્કાર કર્યો ! તેમાં રા. રા. શ્રી શંકરરાવ દીઘેના જેષ્ટપુત્ર ૧૫-૧૬ વર્ષની ઉમ્મરના બાબાના મસ્તિષ્કનું લોહી " બત્રીસ લક્ષણા પુરૂષ " તરીકેનું અપાયું. પ્રો. માણિકરાવ પાલખીને તે હુલ્લડમાંથી સહી સલામત અખંડ મૂર્તિ સાથે શિવાજી મંદિરમાં લઇ ગયા. અનેક સ્વયંસેવકોને પથ્થરનો માર વાગેલો છતાં પણ વીર કેસરી શિવાજી મહારાજના નામનો મહિમા એટલો અપ્રતિમ, કે તેમના નામ માત્રથી સર્વ સ્વયંસેવકો રણધીર બની, લાઠીથી યુદ્ધ ખેલી, મુસલમાન લોકોના મોટા ઝનુની ટોળાને હઠાવી, તેમને પરાસ્ત કર્યા. આવી રીતે શિવાજી મહારાજની પ્રતિમાનો સ્થાપિત-દીવસ ઉજવાયો અને પ્રો. માણિકરાવના સંઘ-લાઠી-કવાયતની કસોટી થઇ, તેનાથી આ ધર્મ યુદ્ધમાં હિંદુઓને વિજય મળ્યો. જીવનમાં વીરરસ કેળવાય તે માટે આવાં અનેક શિવાજી મંદિર પ્રત્યેક સ્થળે દેશમાં સ્થપાય એવી આશા અમે રાખીએ છીએ.

૧૦ આરોગ્ય-મંદિર.

લોકહિતની દષ્ટિથી સરકારની જે પ્રજાતરફની અવશ્ય ફરજ છે તેમાં મુખ્ય આરોગ્યમંદિર સરખી ઉપયોગી સંસ્થાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભ તેને કરી આપવો જોઇએ એ શ્રેષ્ઠ કર્તવ્ય છે. કારણ સઘળી પુરૂષાર્થ સિદ્ધિનું સાધન જે શરીર સંપત્તિ, તેને મેળવવા માટે આવી સંસ્થા એજ મુખ્ય સ્થાન છે. પણ આ બાબતમાં સરકારે અત્યાર સુધી ચલાવેલી બેદરકારી જગજાહેર છે. તેથી હવે સરકાર તે કાર્ય હાથ ઉપર ન લે તો નહિ પણ મોટેરાઓએ તો નિદાન તે તરફ દુર્લક્ષ ન કરવું જોઇએ અને તે હેતુથી પ્રો. માણિકરાવે સર્વને મંજુર એવી એક " આરોગ્ય મંદિર " ની Scheme (યોજના) હિન્દી જનતા આગળ મુકેલી છે. સદર યોજના અમોએ મુદ્દામ આગળ રાખેલી છે તે ઉપરથી તેની રાષ્ટ્રીય સેવાનું રહસ્ય સર્વ સારી રીતે સમજી શકશે.

એ આરોગ્ય-મંદિર સારી ખુલ્લી હવામાં બાંધવું જોઇએ. તેને અડીને ચારે બાજુ વિસ્તીર્ણ મેદાન હોવું જોઇએ અને વિદ્યાર્થીઓ માટેનું વસતિ-ગૃહ નિદાન ૧૦૦ વિદ્યાર્થીઓને સમાવેશ થઇ શકે તેવું બાંધવું જોઇએ. આ મંદિરને આવશ્યક એવી આગળની વ્યવસ્થા નીચે પ્રમાણે:—

૧ તરવા માટે હોજ, ૨ તિરંદાજી માટે એક હૉલ ૩ ખારો-પાટ, ખોખો વિગેરે દેશી રમતો રમવા માટે જગા ૪ આરોગ્યશાસ્ત્ર ઉપર વ્યાખ્યાન આપવા એક મોટો હૉલ ૫ ક્રિકેટ રમવા માટે જગા. ૬ હોકી રમવા માટે જગા. ૭ ફુટબોલની જગા. ૮ રાઇડીંગ (ઘોડેસ્વાર) માટે ગોળ કુંડું. ૯ ટેનીસ કોર્ટ. ૧૦ કુસ્તીનો અખાડો ૧૧ લાકડી માટે એક ચોક ૧૨ ફરી ગદકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે ચોક ૧૩ બીન્નોટ માટે એક હૉલ (બીન ઓટ એટલે હિંદી સ્વસંરક્ષણ વિદ્યા. અગર હથીઆરવાળા સામે વગર હથિઆરે લડવું આ ખેલ પ્રત્યક્ષ અમોએ વડોદરામાં જુમ્માદાદા વ્યાયામ મંદિરમાં જોયેલા તે ઉપરથી હાલના બખેડાના વખતમાં એ વિદ્યા દરેક આત્મ રક્ષા માટે શિખવી ઘણી જરૂરની છે એવી અમારી નકકી ખાત્રી થયેલી છે.) ૧૪ મલખમ માટે એક હૉલ ૧૫ હિન્દી વ્યાયામ પધ્ધતિ માટે એક હૉલ. ૧૬ શ્વાસોશ્વાસ માટે એક હૉલ. ૧૭ આરોગ્ય મંદિરની ઓફીસ. ૧૮ પુસ્તકાલય ૧૯ બાથ રૂમ:(ન્હાવાની ઓરડી) ૨૦ માલીસ માટે ઓરડો ૨૧ વિદ્યાર્થીઓ માટે છ વર્ષ સુધી દર મહિને રૂ. ૨૦ વીસ પ્રમાણે શિષ્યવૃત્તિ (આ શિષ્યવૃત્તિ ફકત હુશીઆર અને ચાલાક વિદ્યાર્થીઓ માટેજ હોવી જોઇએ એમ લાગે છે) ૨૨ આરોગ્યશાસ્ત્ર અને વ્યાયામ શાસ્ત્ર સબંધી પુસ્તકો અને તે રાખવા માટે કબાટો. ૨૩ આરોગ્ય મંદિરમાં કસરત માટેનાં સાધનો. ૨૪. ૧૦૦ વિદ્યાર્થીઓને જોઈતા પલંગ ફર્નીચર વગેરે જોઇતો સામાન. ૨૫ ત્રણ વ્યાયામના વિષયોમાં નિપુણ પણ બાકીના સર્વ વ્યાયામની માહિતી વાળા જાણકારનો છ વર્ષ માટેનો પગાર ૨૬ સામાન તૂટે ફુટે તો તેની દુરસ્તી. કન્ટીજન્ટ, નવિન સામાન, જોઈતાં રસોઈ માટેનાં વાસણો વિગેરે ખર્ચ.

આરોગ્ય-મંદિરનો શિક્ષણક્રમ છ વર્ષનો હોવો જોઇએ તેમાં ફીજીઓલોજી, એનેટોમી, હેલ્થ હાઇજીન અને એમ્બ્યુલન્સ, વ્યાયામશાસ્ત્ર, આહારનો વિષય, હિન્દી વ્યાયામ પદ્ધતિ, ડેનીશ સ્વીડીશ અને જાપાનીસ વ્યાયામ પદ્ધતિ, વેઇટ લીફટીંગ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડમ્બેલસ, સીંગલબાર, ડબલબાર વીલપાવર, લાઠી, ફરીગદકા, પટા, લેઝીમ, બનેટી લખમ, અંતરપટ્ટ, વેત, બકેત, ફીરંગ, ધોક, બિન્નોટ, જયુજત્સુ ખારોપાટ, ખોખો, હુતુ, હાઈજંપ, લૉંગ જંપ, મગદળીયા, કાઠીના સર્વ પ્રકારના દેશી તથા વિદેશી ખેલ, દીર્ઘ શ્વાસોશ્વાસ વિગેરે વિષય શિખવવા જોઈએ.

આ આરોગ્ય મંદિરના જોડેના દિવાનખાનામાં આરોગ્ય-વિષય ઉપર વ્યાખ્યાન અપાવાં જોઈએ તેમાં મુખ્યત્વે કરીને લોકોની રહેણી અને ખાવા પીવાની બાબતોમાં ડગલેને પગલે થતી ભૂલો, ચ હા, બીડી, તંબાકુવાળાઓની દુકાનોની અંદરની ગંદકી દારૂનું અનિષ્ટ પરિણામ, જાતિ શિક્ષણ વિગેરેનો સમાવેશ કરવો જોઈએ. પુસ્તકાલયની અંદર, આરોગ્ય શરીરશાસ્ત્ર, વ્યાયામ અને રમતો આ વિષયો ઉપરનાં પુસ્તકો, વર્તમાનપત્રો અને માસિક હોવાં જોઈએ. આનાથી વ્યાયામ કરનાર આવનાર લોકોને જ્ઞાનનો પણ પરિચય થશે અને બીજાઓને પણ આ નિમિત્તથી આવવાનું મન થશે. આ સંસ્થાની અંદર આરોગ્ય વિષય ઉપર એક હિંદી ભાષામાં માસિક કાઢવું અને તેમાં આરોગ્ય અને વ્યાયામ સંબંધી વિષયોની ચર્ચા કરવી. વિદ્યાર્થીઓના શરીરનું માપ અને વજન પ્રત્યેક મહિને લેવું જોઈએ અને નોંધ રાખવી શાળામાં થતી પરીક્ષાઓ પ્રમાણે અહીં પણ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવી જોઈએ, અને તે માટે જાણકાર માણસોને પરીક્ષક નીમવા જોઈએ.

આ પ્રમાણેની તે યોજના છે હવે સર્વ ઠેકાણે એ યોજના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકજ વખતે અમલમાં મુકી શકાય તેમ ન હોયતો, કાળ સ્થળ અને પરિસ્થિતિને અનુકુળ તેમાં જરૂર લાગતો ફેરફાર કરીને તે કોઈપણ ઠેકાણે તૈયાર થવી જોઇએ એવી અમારી સમજ છે. વાંચકોને અહીં એક બાબત અમારે પહેલેથીજ મુદ્દામાં કહેવી જોઇએ કે આવી સુંદર સંસ્થા પ્રથમ વડોદરામાં સ્થાપીને અને અને તેને નમુનેદાર બનાવીને પછીથીજ સર્વત્ર આવી સંસ્થા સ્થપાવી જોઇએ એમ અમારી માન્યતા છે.

૧૧ ગુણગૌરવ

૧ પ્રોફેસર માણીકરાવની ઉપર દર્શાવ્યા પ્રમાણે સ્ત્રી વર્ગની વ્યાયામ કરવાની સવડ કરેલીજ જોઇને તેમનું કાર્યક્ષેત્ર કેટલું વિસ્તૃત છે તેની સારી કલ્પના આવે છે. જુમ્માદાદા વ્યાયામ-મંદિર અને કન્યાં આરોગ્યમંદિર તથા શિવાજીમંદિર વિગેરે સંસ્થાઓને અને તેના તરફ પ્રોફેસર માણિકરાવે આજસુધી કરેલી અને હજુ પણ કરતા રહેતા ચિરસ્મરણીય દેશ સેવા માટે હિંદુસ્તાનના સર્વ મોટા માણસો રાજા રજવાડાઓ અને નામાંકિત વર્તમાન પત્રો અને માસિકો ગ્રંથકર્તાઓએ સપ્રેમ અભિનંદન આપેલું છે તે યોગ્યજ છે.

૨ સન ૧૯૦૦ માં પ્રતાપ નગરાધિપતીના સર્વ શ્રેષ્ઠ સિદ્ધી પહેલવાનને પ્રો. માણિકરાવે મોટી ચતુરાઈથી ચીત કરવાથી ઘણા ખુશ થઇને મહારાજા એ તેમને હક્ક-દીલ-બહાદુરનો ગૌરવ ભર્યો ઇલ્કાબ આપ્યો આવા માનનો ઇલ્કાબ આજકાલના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુવાનોમાંથી કોને મલે છે ? બી. એ, એમ. એ, એવી ડીગ્રીઓ પાછળ નકામી પડીને અને તેને લીધે તેમના શરીરની અધોગતિ પાયમાલી કરવામાંજ તેમતે સ્વર્ગીય સુખ મળે છે ધન્ય છે તેમને ! પણ આની તેમને શરમ કયારે આવશે !

૩ પ્રોફેસર માણિકરાવે વ્યાયામ શિક્ષણનો ક્રમ પુરો કર્યા બાદ હિંદુસ્તાનના અનેક સ્થળે કુસ્તીના મોટાં દંગલોમાં ભાગ લઇ વિજય મેળવેલો છે, આવા લગભગ સો દંગલોમાંથી ખાસ નોંધવા જેવી તેમની કુસ્તીની લડતો દતીયા, જુનાગઢ, રાજપૂર, અમૃતસર, ઇંદોર વડોદરા રેસીડેન્સી, વીગેરે સ્થળની છે. તેમની અપ્રતિમ કુશળતા માટે તેમને લગભગ ૬૦ સુવર્ણ પદક તથા અનેક ચાંદીના પદક તથા ૨૦ ચાંદીના પ્યાલા તે ઉપરાંત અનેક મૂલ્યવાન બક્ષીસો જેવીકે સોનાનાં ઘડીયાળ હથીયારો, (અસલ અને કિંમતી) અનેક સંસ્થાઓ તેમજ રાજા રજવાડાઓ શ્રીમંતો તરફથી મળેલી છે. વાસ્તવિક એ સુર્વણ પદક પ્રાપ્તિ એટલે કાંઇ મોક્ષ પ્રાપ્તિ અગર સ્વરાજ્ય પ્રાપ્તિ નથી પણ કેવળ તેમના કાર્ય રૂપી વર્તમાન પત્રની એ એક પદકરૂપી જાહેરાત છે એટલુંજ)

૪ લંડનની અંદર Appollo Magazine નામના માસિકમાં સન ૧૯૧૧ ના એપ્રીલ મહીનાના અકમાં કોઇ એક ખાસ પેચ ઉપર વિચાર કરવા માટે જણાવ્યું હતું તે વખતે પ્રોફેસર માણિકરાવે આ પેચ છોડવવા માટેના પોતાને માહિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા તેવા જુદા જુદા બે ત્રણ તોડ આ માસિકના સંપાદક તરફ લખી મોકલ્યા. તે વખતે તે તેને ઘણા પસંદ પડ્યા અને તેથી Metropolitan of Southern countries amateur Gymnastic Association આ સંસ્થાની ખાસ સભા ભરીને તેણે પ્રોફેસર માણિકરાવની મલ્લવિદ્યા વિષયના જ્ઞાનની અતિશય તારીફ કરી અને તેમને એક મોટી બક્ષીસ આપી તથા તેમાં વિશેષ આનંદની બાબત એકે તે વખતથી તે સંસ્થાના ચાલકે તેમને પોતાની સંસ્થાના Associate કરી લીધા આથી કેવળ હિંદુસ્તાનમાંજ નહી પણ પાશ્ચાત્ય પ્રદેશમાં તેમની કીર્તિ કેવી પ્રસરેલી છે તે દેખાય છે.

૫ કલકત્તામાં સન ૧૯૦૭ માં ઔદ્યોગિક અને ખેતીવાડીનું પ્રદર્શન ભરવામાં આવ્યું હતું તે વખતે કેક કેકાણેથી નિમંત્રેલા બીજા પ્રખ્યાત હિંદુસ્તાનના મલ્લો પ્રમાણે પ્રોફેસર માણિકરાવ પણ તે પ્રદર્શનમાં તેમના કેટલાક વિદ્યાર્થીઓ સાથે ગયેલા હિંદુસ્તાન અમેરિકા તથા જાપાનના ઉસ્તાદો વચ્ચે હરિફાઇ થયેલી હિંદુસ્તાન તરફથી ત્યાં એકઠા થયેલા લગભગ ૬૦ જુદા જુદા અખાડાના ઉસ્તાદોએ પ્રોફેસર માણિકરાવની સર્વાનુમતે સંમતી આપી પ્રતિનિધિ તરીકે હરિફાઇમાં રજુ કર્યા. અમેરિકા તરફથી મૂર્તિજાખાન નામનો પહેલવાન હરીફાઇમાં ઉતરેલો તેને પ્રોફેસર માણિકરાવે પરાજીત કરેલો. પ્રોફેસર માણિકરાવની કાર્ય કુશળતા જોઇ જાપાનના ઉસ્તાદો એ હરિફાઇમાં ઉતારવાનુજ બંધ રાખ્યું જેથી હરિફાઇનું ઇનામ તથા સોનાનો ચાંદ તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણપત્ર પરલોકવાસી દાદાભાઈ નવરોજીના હાથે તેમને ઈનાયત થયેલાં શારીરિક બાબતમાં આવા પ્રકારનું અપૂર્વ સન્માન હિંદુસ્તાનમાં પ્રથમ પ્રોફેસર માણિકરાવનું થયેલું છે.

૬ All India Olympic Games. તા. ૧૧--૨--૧૯૨૪ ના રોજ ઑલીમ્પીક ગેમ્સ વખતે પ્રોફેસર માણિકરાવના વિદ્યાર્થીઓએ નામદાર વૉઇસરાય લૉર્ડ રીડીંગ તથા લેડી રીડીંગ તથા વડેદરા નરેશ તથા તેમના દિવાન સર મનુભાઇ તથા અનેક યુરોપિયનો વીગેરે સમક્ષ જે ઉત્તમ લાઠીની કવાયત તથા બીજા અનેક શારીરિક ખેલ કરી બતાવ્યા તે વખતે લાઠી કવાયત તથા ડ્રીલની ઘણીજ તારીફ થયેલી અને શ્રીમંત સરકાર સયાજીરાવ મહારાજાએ આ મંડળીને ખર્ચના રૂ. ૧૦૦૦ એક હજાર આપેલા તે વિષે ટાઇમ્સ ડેલીમેલ વિગેરે પત્રોમાં નીચે પ્રમાણે લખાણો થયેલા છે.

" Between the programme a team from Baroda state gave a fine display of Lathi Drill which was very artistic and was executed with great skill. "

" During the progress of the field events a team of 15 (fifteen) stalwart Indian athletes, from the famous Baroda Akhadas, put on a demonstration of indigenous phy-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

sical activities, that added greatly to the general success of the sports. That India has made a notable contribution to the cause of physical education by evolving a series of beautifully co-ordinated exercises, based largely on religious practices and radically different from anything in the west, is a fact not generally unknown. The European spectators were particularly impressed by this novel display of lathi, lakdi, firang, malkhamb and lezim.

A. G. Nochern M. D,
Secy. All Indian Olympic
Committee.

આવી રીતે પ્રો. માણિકરાવનો કીર્તિધ્વજ ઉત્તર હિન્દુસ્થાનમાં ફરકવા લાગ્યો.

૭. સન ૧૯૨૫ માં જાન્યુઆરી માસમાં "પેટલાદ તાલુકા ખેડુત પ્રજામંડળ" ની પરિષદ સોજીત્રા ગામે મલી હતી તે વખતે મહાત્મા ગાંધીજી તે પરિષદમાં હાજરી આપવાના હોવાથી પરિષદમાં ઘણા માણસો હાજરી આપ નારહતા તે સર્વનો સારો બંદોબસ્ત રહે અને મહાત્માજીની ખાસ સેવામાં પ્રો. માણિકરાવના વ્યાયામ મંદિરના વિદ્યાર્થીઓને સ્વયંસેવક તરીકે રોકવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મંડળીને પરિષદના સ્વાગત કમિટીના પ્રમુખ તરફથી ખાસ નિમંત્રણ અપાયેલું તેનો સ્વીકાર કરી પ્રો. માણિકરાવ તેમની સ્વયંસેવકોની મંડળી લઇ સોજીત્રે પધારેલા તેમણે તેમજ તેમની મંડળીના સ્વયંસેવકોએ વ્યવસ્થાનું કાર્ય તેમજ મહાત્મા ગાંધીજીની સેવાનું ઉત્તમ રીતે કાર્ય કર્યું હતું અને રાત્રીના વખતે મહાત્મા ગાંધીજી અને અન્ય દેશ નેતાઓ તથા પ્રજાવર્ગ સમક્ષ વ્યાયામના ઉત્તમ ખેલ કરી બતાવી જનતાને વ્યાયામથી કેવો લાભ મલે છે તે પ્રત્યક્ષ કાર્ય દ્વારા બતાવી ઉત્તમ બોધ આપ્યો હતો. મહાત્માજીએ પણ ચરખાના જેટલીજ ઉપયોગિતા વ્યાયામની છે તે તે વખતે પ્રજાને કહ્યું હતું આવી વ્યાયામ શિક્ષણની ઉત્તમ તાલીમ આપી સ્વયંસેવક તરીકે ઉત્તમ સેવા બજાવ્યા બદલ પરિષદના પ્રમુખ ડૉ. સુમંત મહેતાના હસ્તે પરિષદ તરફથી પ્રો. માણિકરાવને સુવર્ણપદક પરિષદના લગભગ દશ હજાર પ્રેક્ષકો સમક્ષ ઇનાયત કરવામાં આવ્યો હતો. પ્રો. માણિકરાવે તે સુવર્ણ પદક એવી સરતે સ્વીકાર્યો કે પેટલાદ તાલુકામાં ગામે ગામ વ્યાયામ મંદિર નીકળશે તોજ આ સુવર્ણ પદક ગ્રાહ્ય કરવામાં આવશે અને તેમાં જો ત્રુટી પડશે તો સુવર્ણપદક પરિષદના અધ્યક્ષ તરફ પરત મોકલવામાં આવશે આવી ઉત્તમ ભાવનાનું પરિણામ એ આવ્યું કે પેટલાદ તાલુકાના શુરા પાટીદારોએ તે મની મહદ ઇચ્છા પૂર્ણ કરવા ગામેગામ વ્યાયામ મંદિર ખોલ્યાં

૧૨ વડોદરા રેલસંકટ

પ્રોફેસર માણિકરાવે વ્યાયામ શિક્ષણ જનતાને ઉત્તમ પ્રકારનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવા બદલ વડોદરા નરેશે તેમના જન્મ દિવસના તહેવારના ભરાતા દરબાર વખતે સન ૧૯૨૭ માં પ્રોફેસર માણિકરાવને રાજ્યરત્નનો રૌપ્ય પદક ઇનાયત કર્યો. રેલસંકટમાં વડોદરાના ઘણા શહેરીઓને પાણીમાંથી બચાવી તેમજ ભારે રેલમાં તરતા જઈ ડફરીન હોસ્પીટલમાં દરદીઓને ખોરાક આપી આવવા જેવી અનેક ઉત્તમ પ્રકારની સુશ્રુષા કરી તે બદલ શ્રીમંત મહારાજા સાહેબ દીવાન સાહેબને ખાસ તાર મારફત ખબર આપી પ્રોફેસર માણિકરાવને રાજ્યરત્નનો સુવર્ણ પદક એનાયત કર્યો.

૧૩ વ્યાયામ વિસ્તાર.

હિંદુસ્તાન મલ્લવિદ્યામાં ઘણા વખતથી મશહુર છે અને અદ્યાપિ પણ હિંદુસ્તાનના નામાંકિત પહેલવાનો સામે પશ્ચિમના પહેલવાનો પણ ટક્કર ઝીલી શકતા નથી. હિંદુસ્તાનમાંથી પશ્ચિમના દેશમાં હિંદુસ્તાનના બીજા વર્ગના પહેલવાનોએ જઈને સારી સારી કુસ્તીઓ જીતી વિજય મેળવ્યો છે. એટલે પહેલા વર્ગના પહેલવાનોની તો વાતજ શી કરવી પણ આ સર્વ બાબત ઉપર વિચાર કરતાં પ્રોફેસર માણિકરાવના હૃદયમાં જે મલ્લવિદ્યા એટલે શારીરિક શિક્ષણમાં નવીનતા અને ઓજસ લાવવાની જે તીવ્ર ઇચ્છા હતી તેના યોગે તેમણે અત્યાર સુધી હિંદુસ્તાનમાં ઉસ્તાદી જે વ્યક્તીગત હતી તેને સંઘમય બનાવવાનો નિશ્ચય કર્યો અને તેને માટે શારીરિક શિક્ષણના જુદા જુદા વિષય જેવાકે લાઠી ફરીગતકો, જોડી, લેઝીમ, કુસ્તી, વીગેરે વિષયો સંઘમાં થઇ શકે તે માટે અવિરત પ્રયત્ન કરી તે વિષયોના જુદા જુદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથો દાવો ને સંઘમાં ઘણા માણસો સાથે કરી શકે તેવી રીતે બેસાડયા અને પોતાની શાળામાં તે માટેનો લાઠી કવાયતનો સન. ૧૯૦૫ થી પ્રયોગ શરૂ કર્યો, તેથી અત્યારે સંઘ વ્યાયામે મૂર્ત સ્વરૂપ ધારણ કર્યું છે અને હિંદુસ્તાનમાં લગભગ સર્વ ઠેકાણે સંઘવ્યાયામ શરૂ થયેલો છે. સંઘલાઠી અને સંઘકવાયત આખા હિંદુસ્તાનમાં મશહુર થઇ છે. કવાયત માટે જે અત્યાર સુધી એવી માન્યતા હતી કે પોલિસ ખાતાના માણસો અગર લશ્કરી ખાતાવાળા માણસોજ તે બાબતમાં તાલીમ મેળવી શકે પણ તે દુર કરી પ્રોફેસર માણિકરાવે હિંદી કવાયત ગોઠવી અને તેના હુકમો પણ હિંદી ભાષામાં ગોઠવ્યા તેથી આજ હિંદી કવાયત આખા દેશમાં એક આશીર્વાદ જેવી થઈ પડી છે. તેનો લાભ સ્વયંસેવકોને તેમજ સ્કાઉટના વિદ્યાર્થીઓને ઘણો સારો મળે છે. જોડી તથા લેઝીમ જે શરીરના જુદાજુદા ભાગોને સુંદર ઘાટદાર બનાવી શરીરમાં કોવત વધારનારા વ્યાયામ છે તેના હાથ પણ સંઘમાં થઇ શકે તેમ ગોઠવી તેનો પ્રચાર સંઘ વ્યાયામમાં થએલો છે આ ઉપરાંત ફરી ગદકો, બકેત ઇત્યાદિ પણ સંઘ વ્યાયામ તરીકે થયેલાં છે. આ સર્વ સંઘ વ્યાયામની જુદીજુદી કસરતો આખા હિંદુસ્તાનમાં પ્રચાર કરી તેનો લાભ જનસમાજને આપવાનું માન પ્રો. માણિકરાવનેજ ઘટે છે અને તેને માટે આખો દેશ તેમનો ઋણિ છે.

૧૪ સમાજ—સેવા

પ્રો. માણિકરાવનું જીવન એટલે 'સમાજ—સેવા' નું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રશ્ય સ્વરૂપ. જેમના જીવનનું ધ્યેયજ લોક સેવા હોય એટલે જે કંઈ ફુરસદની મીનીટો મળતી રહે તેમાં પ્રો. માણિકરાવ પોતાની શારીરિક શિક્ષણની ઉપર દર્શાવ્યા મુજબ સંસ્થાઓનું કાર્ય નિયમિત રીતે ચલાવી બીજી લોક હિત વર્ધક સંસ્થાઓ જેવીકે ખીલાફત કમીટી, આનંદ સમાજ, મદ્યપાન નિષેધક મંડળ, મિત્રમંડળ, હિંદુસભા, રેલ સંકટનિવારણ કમિટી આદી સંસ્થાઓ તથા લુહાણા. બ્રહ્મભટ્ટ ઈત્યાદી વસતિગ્રહોમાં પણ અધ્યક્ષ, મંત્રી, મેનેજીંગ ડીરેકટર આદિ અનેક જોખમદારીના હોદ્દાનો સ્વિકાર કરી સેવા ઉત્તમ પ્રકારે બજાવે છે. અને તેમની શકિત, તથા ડહાપણનો લાભ સમાજને નિઃસ્વાર્થપણે આપતા રહે છે. તે સર્વને વિદિત છે. પ્લેગ, ઇન્ફ્લુએન્ઝા, આદી અનિષ્ટ રોગ-મરકીના પ્રસંગે લોકોની સુશ્રુષા તેમના હાથે જ થયેલી તે ખરેખર વડોદરા નિવાસીઓના હૃદયમાં અંકિત થઇ રહેલી છે. આવા રીતે તેમનું જીવન લોક-કલ્યાણમાંજ વ્યતીત થતું રહે તેવી અમે પ્રભુ પ્રાર્થના કરીએ છીએ.

૧૫ સાહિત્ય સેવા

પ્રો. માણિકરાવ ઉપર દર્શાવ્યા મુજબ કેવળ સંસ્થાઓ ચલાવીને બેસી રહેતા નથી. તેઓ એક સારા વકતા છે, તેમની ભાષા અને વાણી બન્ને પરિણામ કારક અને વિષયની અંદર તલ્લીન કરનારી છે. ચિત્રમય જગત મનોરંજન, નવયુગ કર્મ યોગી, લોકમિત્ર શારદા, જ્ઞાનમંદિર, સંધ્યાદ્રી, તરૂણ ભારત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્યાન, મહારાષ્ટ્ર–સાહિત્ય વગેરે ઘણાંજ સુપ્રસિદ્ધ માસિકોની અંદર શારીરિક શાસ્ત્ર ઉપર તથા તેને લગતા વિષયો ઉપર તેમના વિચાર પૂર્ણ અને વિદ્વત્તા પૂર્ણ લેખ પ્રસિદ્ધ થએલા છે આ સિવાય વ્યાયામ મંદિર, હિંદી યુવાઓં કી શરીર રક્ષા, પવિત્રતા કિંવા બ્રહ્મચર્ય, કે. વા. ખંડેરાવ એ મહારાજનું ચરિત્ર સંઘ વ્યાયામ શ્રીમંત મહારાજા સાહેબ અને વ્યાયામ ક્ષેત્ર વિગેરે સ્વતંત્ર પુસ્તકો પણ તેમણે લખેલા છે અને કેટલાંક પુસ્તકો તૈયાર થયેલા છે. પરંતુ છાપવાના એમને એમ પડયાં છે. તેમનો હિંદી અને ગુજરાતી ભાષાઓ ઉપર ઘણોજ પ્રેમ હોવાથી કદી કદી હિન્દી, ગુજરાતી માસિકોમાં પણ તે લેખ લખે છે. તેમની શાળામાં ગજાનન ઉત્સવ તથા સરસ્વતી ઉત્સવ એ બન્ને વિદ્યા વર્ધક ઉત્સવ દર વર્ષે થાય છે. તેમના ચુનંદા લેખોમાંથી કેટલાક અત્રે આપવા ઇચ્છા હતી પણ સ્થળ સંકોચને લીધે તેને બીજા કોઇ પ્રસંગે પુસ્તક દ્વારા અગર લેખ દ્વારા પ્રકાશિત કરવાની અમારી ઇચ્છા છે પરમેશ્વર તે જલદી પૂર્ણ કરે એવી અમારી પ્રાર્થના છે.

૧૬ સંગ્રહસ્થાન

પ્રો. માણિકરાવને નવાઇની ચીજો ભેગી કરી સંગ્રહ કરવાનો શોખ ઘણા વખતથી હોવાથી તેમણે ઉત્તમ પ્રકારનો શસ્ત્ર સંગ્રહ, ચિત્ર સંગ્રહ અને આરોગ્ય પર ગ્રંથ સંગ્રહ કરેલો છે. તેમાંનાં કેટલાક શસ્ત્રો, ચિત્રો અને ગ્રંથો તો હાલમાં જોવા માટે પણ મળવાં દુર્લભ છે આવાં શસ્ત્રો, ચિત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા ગ્રંથો મેળવવા પાછળ તેમણે ઘણા રૂપિયા ખર્ચ કર્યા છે. શાસ્ત્રોની સાફસુફી પાછળ પણ ખર્ચ તેટલોજ થાય છે. વ્યવસ્થા અને નિયમિતપણું એ બન્ને તેમના જીવનના સિદ્ધાંત હોવાથી તેમની દરેક ચીજ પછી તે ગ્રંથ-શસ્ત્ર કે ચિત્ર હોય તો પણ તે વ્યવસ્થિત રીતેજ ગોઠવાયલી હોવી જોઇએ. આની પાછળ તેમને ખાસ માણસ રોકવા પડે છે. વ્યાયામ માટેનાં સાધન પણ તેવાંજ ઉત્તમ પ્રકારનાં છે કે જોનારને તેમાં કંઇને કંઈ વિશિષ્ટતા જણાયા સિવાય રહે નહિ. ઘણા બહારથી આવતા વિદ્વાનો, ધનિકો, તેમજ મુસાફરો તેમના વ્યાયામ મંદિરની અંદર ગોઠવેલા સફાઇબંધ સામાનનો સંગ્રહ જોઇ તાજુબ થાય છે. અને હર્ષના ઉદ્‌ગારો સ્વાભાવિક તેમના હૃદયમાંથીજ નીકળી પડે છે.

૧૭ મદદ અને સહાનુભૂતિ

પ્રો. માણિકરાવનો સિદ્ધાંત સ્વાવલંબાપણેજ કાર્ય કરવાનો હોવાથી શરૂઆતથીજ તેમણે પોતાની મુડી તથા શકિત ઉપરજ આધાર રાખી શારીરિક શિક્ષણનું કાર્ય કરેલું છે. તેમને વડોદરાના પહેલા નંબરના સરદાર સદ્‌ગતશ્રી વાઘોજીરાવ શીર્કે તરફથી સારી સહાનુભૂતિ હતી. તેમણે વ્યાયામ મંદિર માટે એક વિશાળ જગા આપવા માટે જણાવેલું પણ તે સ્વર્ગવાસી થવાથી તેમની ઇચ્છા પૂર્ણ થઈ નહિ.

વ્યાયામ મંદિરના મકાન માટેની જગા વિઠ્ઠલગઢના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થાનિક શ્રીમંત વિજયસિંહજી ખાસગીવાલાએ તેમને પોતાની " વિશ્રામ બાગ " નામની એક વિસ્તૃત જગા આપી છે. ખાસગીવાલાના પિતાશ્રીના સ્મારક તરીકે પ્રો. માણિકરાવે તે જગાને ' વિઠ્ઠલક્રીડા ભવન ' નામ આપી તેના ઉપર 'શ્રી જુમ્માદાદા વ્યાયામ મંદિર' ની આલેશાન ઇમારત શાસ્ત્રોકત બાંધેલી છે. આ ઇમારતમાં ઘણો ખર્ચ લગભગ રૂ. ૨૦૦૦૦ વીશ હજાર ઉપરાંત થયેલો છે. સ્વ. રાજમિત્ર આત્મારામજી રાજરત્ન ની પ્રેરણાથી કલકત્તાવાળા શેઠ જુગલકીશોરજી ખીરલા તથા શ્રીમાન શેઠ શરજીભાઇ વલ્લભદાસ મુંબાઇવાળા બંને તરફથી અનુક્રમે રૂ. ૬૦૦૦) તથા રૂ. ૫૦૦૦) પાંચ હજાર મળેલા છે તેમના નામની તકતીઓ તે મકાનની અંદર ચોઢેલી છે. શિવાજી–મંદિર બાંધવાના ખર્ચમાં શ્રી. ખાસેરાવ જાદવના ભાઈ શ્રી. માધવરાવ જાદવે તેમના ભાઈના પ્રીત્યર્થે સારી રકમ આપેલી છે. શ્રીમાન શેઠ ઝવેર લક્ષ્મીચંદવાળાઓએ " અસ્થિસંધનાલય " રોગીઓને રાખી શકાય તથા ઉત્તમ રીતે ટ્રીટમેન્ટ આપી શકાય તેટલા માટે બંધાવી આપી છે. તેમજ એક તરવાને માટે હોજ બાંધવાની શરૂઆત કરી છે, પરંતુ પૈસાના અભાવે તે અધુરો પડી રહ્યો છે. તેના માટે પણ કોઈ સખી દાતા આગળ આવશેજ એમ અમને આશા છે. પ્રો. માણિકરાવને તેમના આ દેશ સેવાના કાર્યમાં નિરંતર તન-મન–ધનથી બનતી શકય મદદને સહાનુભૂતિ રાખનાર રા. રા. શ્રી. શંકરરાવ દીઘે હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮ વ્યકિતત્વ.

પ્રો. માણિકરાવની ઉમ્મર આજ લગભગ ૬૦ વર્ષની છે પરંતુ એકાદ અવિવાહિત તેજસ્વી યુવાન પ્રમાણે હોવાથી તેમનો દળદાર શરીરનો બાંધો એક દિલદાર ચહેરો જોશે એટલે તેમની ઉમર બહુ બહુતો ૪૦ થી ૪૫ વર્ષની હશે એમ તાત્કાલિક લાગે છે અને આરોગ્ય તથા બ્રહ્મચર્યની એ વિલક્ષણ શકિત જોઈને મન સ્તબ્ધ બની જાય છે ! તેમનો આહાર અલ્પ તથા સાદો છે. તેઓ કડક સાદાઇ પાળનાર છે તેથી પ્રેમાળ સાફ દીલના અને સ્પષ્ટ વકતા છે. ખુશામતના તે કટ્ટર દુશ્મન છે. નિઃસ્વાર્થ પરાયણ જીવન એ તેમનું ધ્યેય છે. નીચેના દાખલા ઉપરથી તેમના સ્વાભિમાનનો કંઈક અંશે ખ્યાલ આવે તેમ હોવાથી તે વાંચક વર્ગ સમક્ષ મુકેલા છેઃ—

એક વખત વડોદરાના રેસિડન્ટ તેમના વ્યાયામ મંદિરમાં આવેલા. તેમણે તેમને શિવાજી મહારાજની છબી વ્યાયામ મંદિરમાંથી કાઢી નાંખવા સૂચના કરી, તેનો પ્રત્યુત્તર પ્રો. માણિકરાવે આપ્યો કે આપ મંદિરમાંથી છબી દૂર કરી શકશો પણ તેથી મારા હૃદયમાં જે છબી કોતરાઇ રહેલી છે તેને માટે આપ શું કરશો ? જો કે આ વિવેક ભર્યો જવાબ છે પણ તેમાં કેટલું સ્વાભિમાન રહેલું છે તે રહેજે સમજાય તેમ છે.

ઉપર દર્શાવ્યા મુજબ જે શેઠે મોટી રકમ વ્યાયામ મંદિરમાં ભેટ તરીકે આપેલી છે તેમણે વડોદરાના દિવાન મારફત તે રકમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલાવેલી તેથી દિવાન ઑફીસમાંથી પ્રો. માણિકરાવ ઉપર પત્ર આવ્યો કે ઑફીસમાં આવી રૂપીયા લઈ જવા તેનો પ્રત્યુત્તર પ્રો. માણિકરાવે લખી મોકલ્યો કે જો રૂપીઆ સંસ્થાને આપવાના હોય તો સંસ્થા તરફ મોકલી આપો, નહિ તો પરત મોકલી આપવા, આવો નિઃસ્વાર્થ અને ખોટી ખુશામત રહિત જવાબ કેવા હૃદયમાંથી નીકળે છે તે વાંચકે વીચારી જોવું એટલે તે પ્રો. માણિકરાવના આંતર જીવનને સમજી શકશે.

પ્રો. માણિકરાવ એક ઉત્તમ હાડ વૈદ્ય તરીકે ઘણાં વર્ષોથી કાર્ય કરે છે. તેમણે ઘણા અશકય કેસને સુધારી સારા કરેલા છે, જેને માટે તેમને લૉર્ડ મીન્ટો જેવાં વૉઇસરોય તરફથી બેલ્ટ તેમજ બીજાઓ તરફથી સુવર્ણ પદકો તથા ઉત્તમ પ્રમાણ પત્રો મળેલાં છે, હાડવૈદ્ય તરીકેની કમાણીમાંથી પોતાનો સ્વતંત્ર રીતે સંસાર નભાવે છે એટલુંજ નહિ પણ સંસ્થાઓનો નિભાવ પણ તે પોતેજ કરે છે ! રાત્રિ દિવસ તેઓ કાર્ય કરતા જણાય છે. તેઓ ૨ થી ૩ કલાક ઉંઘ લે છે. નાનપણથીજ તેમના જીવનમાં સુખ અને વિલાસ અદૃશ્ય હોવાથી ઘણા જીવનના બારીક કસોટીના પ્રસંગોમાં તે પસાર થયેલો છે. તેઓ બિમારી શું છે તે હજી સુધી જાણતા નથી પરંતુ સાધારણ સળેકમ જેવી જુજ બીમારી ઉદ્ભવે છે, તે વખતે ડૉકટર વૈદ્યની મદદ લેતા નથી તેઓ પોતેજ પોતાના શરીરને સુધારી લે છે. તેમના ભવ્ય ચહેરા તથા આંખ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તેઓ દૃઢ નિશ્ચયથી અને ચપળ, તથા સાત્વિક વૃત્તિના પણ ક્ષાત્ર તેજથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરપૂર; ઉદાર હૃદય સેવા ભાવી છે. બાળક, યુવાન, આધેડ તથા ઘરડા સઘળાની સાથે સરખી રીતે વર્તન રાખી સર્વને પ્રિય થવાની તેમનામાં આબાદ કળા છે. તેઓ ઉપર જણાવ્યું તેમ વ્યાયામ શાસ્ત્રમાં નિપુણ, લેખક, વક્તા તથા સ્વયંસેવક છે એટલુંજ નહિ પણ તે સારા તરનાર અને શિકાર કરવામાં પણ એટલાજ હુશીઆર છે તેમણે શિકારના વિષય ઉપર એક સુંદર પુસ્તક લખેલું છે. તેમની મહત્વાકાંક્ષાઓ ઘણીજ ઉત્તમ અને રચનાત્મક કાર્ય વિશેની છે તેમણે વ્યાયામ શાસ્ત્રમાં ઘણા વિષયો જેવાકે લાઠી, ફરીગદકો, કુસ્તી પટો, બકેત, તલવાર, ફીરંગ વીગેરેમાં નવીન હાથ દાવની શોધ ખોળ કરી ઘણોજ વધારો કર્યો છે. એટલે તે એક શોધક તરીકે જેટલા માનને પાત્ર છે તેટલેજ તે વીનયી, અને ચારિત્ર્યવાન સદ્‌ગૃહસ્થ તથા સ્વયંસેવક તરીકે મશહુર છે. તેમના હૃદયની ખરી ધગશ દેશમાં ' મનુષ્ય ' પેદા કરવા તે છે. મનુષ્ય એટલે સ્થૂલ દેહવાળો હાથ પગ ઇત્યાદી અવયવો વાળો નહિ, પણ સાચો મનુષ્ય એટલે જે શરીરે મજબુત, કણખર તંદુરસ્ત અને વ્યાયામ શાસ્ત્રમાં પ્રવીણ તથા માનસિક શકિતમાં પણ વિચક્ષણ તથા નીતિમાન અને ઉમદા ગુણો જેવા કે શૌર્યતા, હિંમત ઉદારતા અને પરદુઃખભંજન આદિથી અલંકૃત હોય તેવો. ઈશ્વર આવી વ્યકિતને દીર્ઘાયુષ્ય બક્ષી તેમની શકિત, ભાવના તથા સેવાનો લાભ દેશના લોક તથા અન્ય દેશના લોકને મળે તેવી કૃપા કરે એજ અમારી પ્રાર્થના છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯ સિંહાવલોકન

પ્રો. માણિકરાવના ચરિત્રનું જો આપણે સિંહાવલોકન કરીએ તો એક બાબત આપણને મહત્વની જણાય છે કે તેમની રાષ્ટ્ર-સુધારણા નો સર્વ ભાર " શારીરિક-શિક્ષણ " ઉપર છે અને હિંદુસ્તાનની પૂર્વ પરંપરા લક્ષમાં લેતાં હાલની સ્થિતિમાં તે હોવું વ્યાજબી છે. ધર્મોન્નતિ થવા માટે નીતિ તત્વની જરૂર છે. અને તે નીતિતત્વને કેળવવા માટે શારીરિક શિક્ષણની ખાસ આવશ્યકતા છે. સ્વાતંત્ર્ય એ સ્વાભિમાનમાંથી અને સ્વાભિમાન એ સામર્થ્યમાંથી ઉત્પન્ન થાય છે, તથાપિ એ સામર્થ્ય શારીરિક શિક્ષણ સિવાય મળતું કદી પણ શકય નથી. અત્યાર સુધી દેશોદ્ધાર માટે કોંગ્રેસ જેવી અનેક સંસ્થાઓમાં જોડાઈ કેવળ વાણી અને વિચાર દ્વારા સમાજના ઉધરાણાથી અનેક નેતાઓએ કાર્ય કર્યું. મહાત્મા ગાંધીજીએ પણ તે માટે અવિરત પ્રયત્ન, ભાષણો તથા સમાજમાંથી કરોડોનું ઉધરાણું કરી લેખો તથા જાતે રેંટીયો ફેરવી બતાવી કર્યો; પણ દેશમાં હજુ પ્રાણ દેખાતો નથી. તેનું કારણ જો કોઇ પણ શાંત ચિત્તથી વિચાર કરશે તો તેને સ્પષ્ટ જણાશે કે પ્રો. માણિકરાવે જે અત્યાર સુધી સ્વાવલંબન અને જાતની મુડીથી મુંગી સેવા, માર્ફત એટલે કે દેશમાં અનેક ઠેકાણે ફરી લાંબાં ભાષણો અને બુલંદવાણી હજારો માણસોને, આકર્ષી મોહિની મંત્ર અજમાવવામાં તથા સમાજમાંથી ઉધરાણાં કરવામાં વખતનો દુરૂપયોગ કર્યા સિવાય એકજ સ્થળે રહી એકજ પ્રવૃત્તિમય શિક્ષણ આપવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમજ તે વિષયમાં પણ નવીન શોધ કરી, ચાલુ સમયમાં અતિ મહત્વની તેવી સંઘ-વ્યાયામ પદ્ધતિ આદિ અનેક બાબતોનો પ્રચારમાં આણી જે પ્રાણ ઉત્પન્ન કરવાનો, દેશ આગળ રચનાત્મક કાર્યનો ખરો પ્રયોગ કે જેણે અત્યાર સુધી સંગીન સફળતા મેળવી હિંદુસ્તાનની ચારે દિશામાં અનેક સ્થળે વ્યાયામ મંદિરોદ્વારા, લોકમાં પ્રાણ પ્રતિષ્ઠા કરી બતાવી છે, અને જેને લીધે આત્મ રક્ષણ માટે ઘણા યુવાનો લાઠી કવાયત મારફત તૈયાર થતા જાય છે, તે મુકેલા જોઈ સ્પષ્ટ દેખાય છે, કે તેજ પ્રયોગ એટલે શારીરિક શાસ્ત્રીય પદ્ધતિ ઉપર શિક્ષણ અનેક ઠેકાણે આરોગ્ય-મંદિરો, સ્થાપી આપવું કે તેજ દેશોદ્ધાર માટે હાલના સમયમાં ખરૂં રચનાત્મક કાર્ય છે તે કરી બતાવ્યુ છે. દેશોદ્ધાર કરવાની હિંદુસ્તાનની કોઇ પણ વ્યકિતને હૃદયમાં ખરી ધગશ હોય તેણે તો પ્રો. માણિકરાવે જેમ પોતાનું આખું જીવન, સુખ પરાઙ મુખ થઇ, કેવળ દેશ સેવાના કાર્યમાં, શારીરિક શિક્ષણની વેદી ઉપર મુકી દઈ, મુંગે મોઢે કાર્ય કરી, તેનો પ્રચાર દેશભરમાં કરી અનેક નવયુવાનો તેમજ, તે સંજીવની વિદ્યાનો જે કોઇ લાભ લે, પછી તે બાળ, યુવાન કે વૃદ્ધ હોય તે સર્વને નવજીવન અર્પી કરી બતાવવું જોઇયે. તેમજ તેમના જીવનને પગલે પગલે ચાલી તેમના અધુરા રહેલા કાર્યને આગળ ધપાવવું જોઇએ. તેમાંજ તેનો ખરો પુરૂષાર્થ ને દેશ સેવા છે સ્વાતંત્ર્યતા કે સ્વરાજ્ય જે મેળવવાની ઇચ્છા હશે તે આ શારીરિક શિક્ષણની વેદી ઉપર પ્રો. માણિકરાવ જેવાં દેશનાં અનેક રત્નોના જીવનનો ભોગ અપાશે ત્યારેજ મળશે, માટે અમારી તો મહાન પ્રભુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યે એજ પ્રાર્થના છે કે પ્રો. માણિકરાવ જેવાં અનેક રત્નમાણિક દેશમાં જુદે જુદે સ્થળે પાકે ને તેઓ સ્વપ્રકાશથી બીજાઓને પ્રકાશિત કરી હિંદુસ્તાન જે હાલ અજ્ઞાનતા, નબળાઇ પરાધીનતા આદિ અનેક વ્યાધિઓથી પીડાય છે, તેમાંથી દેશને જલ્દી મુક્તિ મળે, તેવી દયાળુ પ્રભુ જલદી કૃપા કરે અને દેશના નવયુવાનોનો આ ચરિત્રમાંથી બોધ લઇ તે ચરિત્ર-નાયકના પગલે ચાલી દેશ કાર્યમાં તેને ફાળે પડતો નિદાન હિસ્સો આપી કૃતકૃત્ય થાય, તેજ અંતિમ પ્રાર્થના છે.

जहदेव ब्रदर्स बडोदा द्वारा

प्रकाशित उत्तम ग्रंथ

विस्तृत विवरण मुफ्त मंगाइए

गुजराती हिन्दी शब्दकोष ६॥)

संस्कार चंद्रिका ३॥ — सृष्टिविज्ञान ३)

दिगविज्ञान १॥) — नीति विवेचन १।)

चौनकी संस्कृति १≡)

बालोद्यान पद्धतिका गृह शिक्षण ॥=)

अवतार रहस्य ॥।) — आलमगीर के पत्र ॥=)

समुद्रगुप्त ॥=) — कुंगमुनि ज्ञानामृत १)

युरोपकी सैर १) — बंग भाषा परिचय १)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विज्ञापन कहां छपवाएं ?

यह एक प्रश्न है जो सदा व्यापारिओंके सामने आता है ? उन्हें अपनी वस्तुओं के प्रचार के लिए सच्ची सम्मति कोई नही देता. परिणाम क्या होता है कि इधर उधर विज्ञापन छपवा कर अपने धन का व्यय करके वह बैठ जाते हैं ।

परन्तु आप अपने किसी भी प्रकारके विज्ञापन के लिए विज्ञापन कलामें प्रसिद्ध भारत तथा युरोप अमेरिका में प्रसिद्ध विज्ञापक 'जयदेव ब्रदर्स बडोदा' को पूछिए । सिर्फ एक कार्ड आनेपर वह आपको भारतीय विज्ञापन कला और उस संबंधी ज्ञातव्य विषयों से पूर्ण १६ वर्षों से नियमित प्रकाशित होनेवाला मासिक

साहित्य विज्ञापक

भेज देंगें जिससे आपको विज्ञापन विषय के प्रश्न सुगम हो जाएगें ।

प्रकाशक

जयदेव ब्रदर्स बडौदा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्रीडा स्पर्द्धा ग्रन्थमाला.

खो खो

प्रस्तुत पुस्तक इस माला का प्रथम पुष्प है। इसी प्रकार इस माला में अन्य पुस्तकें तैयार की जाएगीं। प्रत्येक पुस्तक का मूल्य)॥ होगा।

इस ओर वार्षिक प्रतिस्पर्द्धाएं देशी खेलोंकी बडे ठाठ बाटसे होती हैं इन के लिए निष्णात व्यक्तिओं द्वारा नियमोपनियम बनाए गए हैं। यह सब अब तक मराठी अथवा गुजराती में ही थे परन्तु अब इनका हिन्दी संस्करण भी तय्यार हो रहा है। यदि हिन्दी जनता ने इन खेलों को अपनाया तो इसी इसी प्रकार अन्य पुस्तकें भी शीघ्र ही प्रकाशित की जाएगीं.

आर्य कन्या महाविद्यालय बडौदा में यह सब खूब प्रचलित हैं अब इसी प्रकार लाठी, लेझीम, मगदर आदि के सामूहिक व्यायामादि पर भी एक दक्ष लेखिका द्वारा सचित्र पुस्तकें प्रकाशित होंगीं।

इस ग्रन्थमाला में विज्ञापन देनेवाले प्रकाशकसे पत्र व्यवहार करें।

जयदेव ब्रदर्स बडौदा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્ય તથા ભાષા પ્રેમીઓને શુભ સમાચાર !!!

ગુજરાતી જનતાને બંગભાષાનું સમ્પૂર્ણ જ્ઞાનથઇ બંગભાષા સારી રીતે આવડી શકે તેવું અનુપમ પુસ્તક બહાર પડી ચુકયું છે.

બંગભાષા પરિચય

ગુજરાતી જનતાને બંગભાષા શીખવાનુ સરલ સાધન

આ પુસ્તકમાં બંગભાષાના મૂળાક્ષરો, ટુંકાટુંકા શબ્દો, વાકયો, વ્યાકરણ તથા પાઠો આપી ઘણીજ સરળ સમજુતીઓ આપેલ છે તેથી બંગભાષાને અભ્યાસ કરવા ચાહતા બંધુઓ ઘણા થોડાજ સમયમાં બંગભાષા સારી રીતે શીખી શકે છે.

બંગાળામાં રહેતા ગુજરાતી ભાઈઓએ તો આ પુસ્તક અવશ્ય રાખવું ઘટે, કારણ કે તેઓને બંગ ભાષાભાષીઓ સાથે વિશેષ સંબંધમાં આવવું પડે છે. જો કે સાધારણ બંગભાષાનો પરિચયતો તેઓના સહવાસથી થાય છે પરંતુ પદ્ધતિસર અને ક્રમબદ્ધ શીખનારને બંગ સાહિત્યમાંથી અનેક બહુમૂલ્ય રત્નો સાંપડે છે. તો આ પુસ્તકનો લાભ લેવા સર્વને ભલામણ છે.

સારા કાગળો, ઉત્તમ છપાઈ,
તથા સુંદર બંધાઇ છતાં
મૂલ્ય માત્ર એક રૂપિયો,
(પોસ્ટેજ ત્રણ આના.)

— આ પુસ્ત મળવાનું ઠેકાણું —

જયદેવ બ્રદર્સ : વડોદરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્ય વિજ્ઞાપક

૧૭ વર્ષથી નિયમિત પ્રકાશિત થનાર

— માસિક —

પુસ્તકાલયો માટે મંજુર છે

લવાજમ ૦-૮-૦

જાહેરખબર આપવાનું ઉત્તમમાં ઉત્તમ સાધન છે

—: નમૂનો મફત :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय

गुरुकुल कांगड़ी विश्वविद्यालय

हरिद्वार।

पुस्तक-वितरण की तिथि नीचे अंकित है इस तिथि सहित १५ वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा ५ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar